ણુ .

ભાગ્યવંત

પદા ઉપર વિદ્ધ

પણ મૂળ ગ્રંથકારના

દ્વારાએ ગ્રંથકારના હ

બરા પોતાના મુખ દ્વારાર

પામાં પ્રસિદ્ધ કરી શકે.

સુર્ય તપે ત્યાંસુધી પે

હે તેના કરતાં સ

ઝાંખો આકાર પા

મારી દોષયુક્ત

માંથી પાછું

મ ચુકાની મ

સરળ ભાષ

સુચવે

ગાટે આ

મ. ચ. અમિન

ઉપોદ્‌ઘાત.

હું નિશ્ચય પૂર્વક માનું છું કે, આધુનીક પ્રજાએ આરોગ્ય સુખી, ચતુર, અને ઉપયોગી સંતાન થાય એવી રીતિએ બાળકોને ઉછેરવાં તે એક સ્વદેશાભિમાનનાં કાર્યો કરવાનો અતિ ઉત્તમ માર્ગ છે. વળી એ રીતિ ઉત્કૃષ્ટ પિતૃભાવ વધારનારી છે. ઘણા લોકો હા પાડે તેવા વિચારોથી દોર-
ાઇ મારા પોતાના કુટુંબના ઉપયોગ સારૂં મેં આ વિષ
ો છે. અને બીજાં દેશી કુટુંબોને ઉપયોગી થઇ પડે એમ ધારી આની થોડીએક નકલો છપાવી છે. તેથી કરીને જો આ અગત્યના વિષય તરફ સઘળા દેશી વર્ગનું ધ્યાન ખેંચવામાં સફળ થાઉં તો તે મને અન્ય વિષય કરતાં અધિક આનંદ આપશે.

(રાજા સરટી માધવરાવ)

૭૧૧૧૯

अनुक्रमाणिका.

પિતૃધર્મ.

બાળકોને ઉછેરવામાં યાદ રાખવા યોગ્ય મુખ્ય બાબત.

૧ શરીરને, જીંદગીને, કે કોઇ અવયવને ભયમાં નાખે એવા અકસ્માતોથી સાવચેત રહેવાનું બાળકને શીખવવું.

૨ તેને પોતાની તંદુરસ્તી સારી રાખવાનું શિખવવું.

૩ તેની અવલોકનશક્તિને ધીરે ધીરે અધિક અધિક ખિલવવી.

૪ આજુ બાજુની વસ્તુઓ વિષે તેનું જ્ઞાન વધારવું.

૫ માબાપની અને ગુરૂની આજ્ઞા માથે ચઢાવવાનો અભ્યાસ કરાવવો.

૬ સભ્યતા, સદાચાર, અને સદ્‌ગુણ શિખવવા.

૭ ટુંકામાં, બાળકને પુખ્ત ઉમરે સંસારને માટે તૈયાર કરવું, અને તેમાં નિર્વિઘ્ન તથા ફતેહમંદ પ્રવૃત્તિને માટે શક્તિમાન કરવું.

ફાયદાકારક શું ગણવું અથવા નુકસાનકારક નથી એમ સમજી શું ગ્રહણ કરવું.

બાળકોને આમ તેમ દોડવાનો, નાચવાનો, કુદવાનો કે એકબીજાની પાછળ ધાંઇને પકડવા વિગેરેનો, ઘણો શોખ હોય છે.

તેમને વાતો કરવાનું, રમવાનું, હસવાનું, ગાવાનું, અને બીજાનું અનુકરણ કરવાનું ઘણું ગમે છે.

તેઓ પક્ષી અને પશુઓની બોલીની નકલ કરે છે.

આવી બાબતો અટકાવવા માટે માબાપોએ વચ્ચે પડવું નહીં. જે કંઇ બાળકને આનંદ આપે તે ગુણકારક છેજ. જ્યારે તે બીજાઓને ઇજા કરે ત્યારેજ તેને અટકાવવું.

નુકસાનમાં આવી પડવું.

નુકસાનમાં આવી ન પડે એવું બાળકોને નાનપણથી પૂર્ણ પણે શિખવવું જોઇએ. એવાં કેટલાંએક નુકસાન નીચે પ્રમાણે છે.

રઝળતાં રઝળતાં કુવામાં પડવું.

દેવતાથી દાઝવું.

ઉંચેથી પડવું.

વીંછી, કાનખજુરા, અને સર્પની નજીક જવું.

ગાડી તળે ચગદાવું.

ઘોડા અથવા સાંઢની અડફેટમાં આવવું.

ઇજાકારક ચીજો ખાવી.

નાનાં ફળ, ઠળીઆ ને છોડાં સાથે ખાવાં, ને ગળી જવાથી શ્વાસનું રૂંધાવું.

શેલડીના કઠણ કટકા અથવા સખત ફળને ભાગવા પ્રયત્ન કરી પોતાના દાંતને અથવા જડબાંને ઇજા કરવી.

પોતાનું કામ જાતે કરવું.

બીજાની મદદ શિવાય બાળકને પોતાનું કામ બનતા સુધી જાતે કરવા દેવું. જેમકેઃ-

નહાતી વખતે શરીર ઉપર જાતે પાણી રેડે.

શરીર પોતાની મેળે ચોળે.

પોતાનાં વાસણ પોતાની મેળે માંજે.

કપડાં પોતાને હાથે પહેરે

પોતાની મેળે વાળ હોળી અંબોડી વાળે.

પોતાને હાથે જમે.

રમકડાંની જાતે સંભાળ રાખે.

ખુરશી ખસેડવી હોય તો જાતે ખસેડે.

પોતાને જોઇતી વસ્તુ જાતે લઇ આવે.

રમકડાં જાતે ઠેકાણે મૂકે.

પોતાની છત્રી જાતે ઉચકે ચાકર પાસે ઉચકાવવા દેવી નહીં.

બાળકો ઘણી વખત પોતાનાં માબાપનું કેટલુંએક કામ પોતે કરવાને આતુર હોય છે. બને તેટલું તેને એ પ્રમાણે કરવા દેવું; એથી તેને ઉપયોગી કેળવણી મળે છે ચાકરની મદદ શિવાય પોતાની હાજતો પોતાની મેળે પૂરી પાડતાં બાળકને ટેવ પડવી જોઇએ. કારણ કે આગળ જતાં તેને ચાકર રાખવાની [illegible] તે ન હોય. બાળક હીંડતાં શીખ્યું ન હોય અથવા તો તેને ચાલી શકવાને પહેલા ઘણુંજ દૂર હોય તે શિવાય બીજે પ્રસંગે તેને કેડે બેસાડીને લઇ જવાનો દેશી રિવાજ સારો નથી. તાલેવંત લોકનાં બાળકોને પણ પોતાનું કામ જાતે ઉપાડી લેતાં શીખવવું જોઇએ, અને તેમ કરવામાં નાનમ અથવા હીણપત છે એવો વિચાર તેમના મનમાં ઠસવા દેવો નહીં.

નિર્દયતા અને ગુસ્સો.

બાપે બાળકને ઘણુંજ મારવું અને જ્યારે તે અતિશય રડે ત્યારે તેને છાનું રહેવા હુકમ કરવો એ કેટલું ખોટું છે? બાળક છાનું રહી શકતું નથી અને રડયાં કરેછે ત્યારે બાપ ભૂલથી તેના રડવાને હઠ સમજે છે, ગુસ્સે થાય છે અને વધારે મારે છે. આવા ઘણા દાખલા મેં દેશીઓમાં જોયા છે, અને દિલગીર થયો છું. વખતે કંઇ અંદરના દુઃખ અથવા બેચેનીને લીધે બાળક ઘણું રડયાં કરે છે

ત્યારે તેનો બાપ તે સમજી શકતો નથી; અને તેનો દુરાગ્રહ અથવા હઠીલાઇ ધારી છાનું રહેવાને માટે મારે છે કોઇ ભારે વસ્તુ પોતાના પગપર પાડી તેના દુઃખને લીધે તે રડે છે ત્યારે બાપ ગુસ્સાથી તેની તરફ ધસી આવે છે અને તેની એવી મુર્ખાઇને માટે શાન્તિ અથવા દીલાસો આપવાને બદલે તેને મારે છે. મા પણ પોતાની બાળકીને રોટલી કરતાં આંગળીઓએ દઝાએલી જોઇ તેમજ કરે છે, ઘણીવાર કાચી બુદ્ધિના બાળકને તદન અજાણી વાત શીખી જવા માટે બાપ સખ્તાઇ કરેછે; અને સમજી શકતો નથી ત્યારે બિચારા નિરપરાધી જીવને હેરાન કરે છે. આ અને આવી બીજી વાતો તજવી જોઇએ.

છુંદણાં.

આ જંગલી રીત દેશીઓમાં મોટા વિસ્તારમાં પ્રસરેલી છે. જો બની શકે તો સમજુ બાપે આ રીત બંધ કરવી જોઇએ. અને તેમ ન બની શકે તો છેવટ તે રીતમાં સુધારો કરવાનો તો પ્રયત્ન કરવોજ જોઇએ. જેવાં કે છુંદણાંની સંખ્યા, વિસ્તાર, અને તેની જાતો કમી કરવી. કાનખજુરા અને વીંછી જેવા ભયંકર આકારો તદન મુકી દઇને નાજુક આકારો પસંદ કરવા. આકારમાં ભૂલ કરી ત્રાસદાયક ચિન્હો થવા ન દેતાં પસંદ કરે । આકારમાં છૂટે છૂટે છુંદણાં છુંદવા દેવાં. સાધારણ બૈરી પાસે જાડી સોયથી છુંદાવવાને બદલે સુશોભિત, સ્વચ્છ, અને ઘણી ઓછી ઇજા થી છુંદી શકે એવા કોઇ હોશિઆર પુરૂષ કે સ્ત્રી પાસે છુંદાવવું ફાયદાકારક છે. દાક્તર લાયક હથિયારની મદદથી, તેમના કરતાં પણ વધારે સારૂં છુંદી શકશે. નાક કાન વીંધાવવામાં પણ આ સુચના યાદ રાખવાની છે.

મોહોટી મૂર્ખાઇ.

ઘનોહ કરનારને લલચાવે એવાં સોના અને રૂપાનાં ઘ-

રેણાં બાળકોને પહેરાવવાં તે મોટી મૂર્ખાઇ છે. છોકરાંઓને કુટુંબીઓની નજરની બહાર ભમતાં તદ્દન અટકાવી શકાય નહીં ઘરેણાંનું નુકસાન થાય છે એટલુંજ નહીં પણ છોકરાંઓના મરણના દાખલા પણ વારંવાર બને છે. પૈસા સંબંધી નુકસાનનો ઉપાય થઇ શકે અથવા ખમી શકાય, પણ બાળકનું નુકસાન તો જીંદગી પર્યંત સાલે છે. કુદરતી મરણ કરતાં પણ એ વધારે દુ;ખદાયક છે. માટે બાળકને ઘરેણાં પહેરાવવાં નહીં; અને તેમ ન બને તો માત્ર ઉત્સવના સમયેજ પહેરાવવાં, અને પછી તુરતજ પાછાં કાઢી લેવાં જ્યાંસુધી બાળક ઘરેણાંથી આસક્ત રહે ત્યાંસુધી કાળજીથી તેની સંભાળ રાખવી.

સેહેલો તો રસ્તો એ છે કે સોનું અને રૂપું ત્યાગ કરીને રસેલા દાગીના વાપરો. અને તે રસેલા છે માટે તેની થોડી અથવા નજીવી કીંમત છે એમ ખુલ્લી રીતે કહો. આ યુક્તિથી પણ બરોબર બચાવ ની ખાત્રી થાય નહીં. કારણકે ગુનોહ કરનાર રસેલા દાગીનાને સોના રૂપાના જાણી ભૂલાવો ખાશે.

સ્વચ્છતા અને આરોગ્યતાનું સંરક્ષણ.

ઘર આગળ માબાપની વર્તણુકનો દાખલો જોઇ બાળક આ વાત સારી રીતે શિખે છે. જે ઘરમાં બાળક રહે છે તે ઘર જો સુઘડતા અને સ્વચ્છતાનો નમુનો હશે તો તેજ પ્રમાણે રહેવા માટે બાળક ટેવાશે, અને તેથી વિરૂદ્ધ વહિવટનો અણગમો કરશે. વારંવાર બાળકને કહેતા રહો કે અસ્વચ્છતા અને દુર્ગંધથી મંદગી અને મોત આવે છે પડોશમાં તેવીજ જાતના બનતા દાખલા તેને બતાવો, અને વારંવાર કહેતા રહો કે મલીન હવાપાણી વાળા અને ખસ જેવા ઘણા રોગોની ઉત્પત્તિ કરે છે. સ્વચ્છ અને મલીન હવાપાણીનો તફાવત સમજાવો. અને ખાત્રી કરી આપો કે સ્વચ્છ હવાપાણી

તંદુરસ્તીને વધારનાર છે. આ વિષે તેને જેમ જેમ વેહેલું જ્ઞાન થતું જશે તેમ તેમ પછીની વિશીમાં વધારે ઉપયોગી થઇ પડશે.

નહાવું.

સાધારણ રીતે ઠંડા પાણીથી નહાવું એ ફાયદાકારક અને કૌવત દેનારૂં છે. આપણામાં ઠંડુ પાણી શરીરના બીજા ભાગપર પહેલું રેડવાનો ચાલ છે, પણ તે પ્રમાણે ન કરતાં પ્રથમ માથા ઉપર રેડવું. જ્યારે શરીર નબળું અને મંદગી વાળું હોય ત્યારે કોકોત્રણું પાણી વાપરવું. સાંજરે નહાવું તેના કરતાં સવારમાં નહાવું વધારે સારૂં છે. સુર્યના તડકામાં, ખુલ્લી હવામાં, અને મુખ્યત્વે કરીને વાતા પવનમાં નહાવું ઘણું ભરેલું છે. નહાતી વખતે સાબુ અને જાડા રૂમાલનો ઉપયોગ કરવો જોઇએ. નાહ્યા પછી તુરતજ શરીરને લુછી નાખવું જોઇએ. આ બધું કોઈ ઓરડીમાં અથવા બંધિયાર જગામાં કરવું. સ્વચ્છ કુવાનું પાણી નહાવાને માટે ઉત્તમ છે. ગંદા તળાવના પાણીમાં નહાવાથી તંદુરસ્તી બગડે છે શરીરના સઘળા અવયવો અને મુખ્યત્વે કરીને ઢંકાએલા અને સાંધા વાળા અવયવો ચોળવા અને સાફ કરવા. જે રૂમાલથી શરીરને લે.હોવામાં આવે તે દુર્ગંધ અને મેલ વગરનો જોઇએ.

ખોરાક.

રસાયણ શાસ્ત્રથી સિદ્ધ થયું છે કે જેના શરીરનું વધવું બંધ પડયું છે તેવા પુખ્ત ઉમરના માણસ કરતાં બાળકને વધારે પૈષ્ટિક ખોરાકની જરૂર છે. એકલા ચોખાથી ચાલે નહીં. બાજરી, કે ઘઉં જેવા પૈષ્ટિક અનાજનો થોડોઘણો ભાગ તેના દરરોજના ખાણામાં આવવો જોઇએ. ભારે કીમતનોજ ખોરાક જોઇએ એવી કંઇ જરૂર નથી. દુધ, દહીં, ઘી, દાળ તથા જેને બાધ ન હોય તેને થોડુંએક માંસ આપવું. ખોરાક

ને સ્વાદિષ્ટ કરવાને જુદી જુદી જાતની વાનાઓની જરૂર છે, તેમાં જ્યારે એકજ જાતના ખાણાથી કંટાળો ઉપજ્યો હોય ત્યારે તો અવશ્ય તે પ્રમાણે કરવું જોઇએ.

આપણી સ્ત્રીઓમાં છોકરાંને માટે જુદી જુદી જાતના પદાર્થ બનાવી આપવાની ટેવ હોય છે તે સારી છે. બાળકને ગળ્યાનો ઘણો શોખ હોય છે. આ કુદરતી બક્ષિસ છે કારણ કે શરીરના વધારાને માટે ખાંડની જરૂર છે. માટે આવી ચીજો બેલાશક આપવી, પરંતુ અજીર્ણ થાય તેમ હદ ઉપરાંત અને વારંવાર ન આપવી. એજ રીતે ફળ પણ આપવાં જોઇએ. ખોરાક તેની ભૂખને નરમ પાડે એટલોજ આપવો અને જ્યારે તેને ભૂખ લાગે અથવા કંઈ ખાવાનું માગે ત્યારે તે તુર્ત આપ્યા વગર રહેવું નહીં તોપણ યાદ રાખવું કે કેટલાંએક બાળકને ભૂખ લાગ્યા વગર માગવાની ટેવ પડી હોય છે તેમને તેમની પાચન શક્તિના પ્રમાણ કરતાં વધારે અપાય નહીં. કેટલીએકવાર બાળકને કમી ભૂખ હોવાથી ખાતી વખતે રમત કરે છે, ખાવાનું વેરે છે, અથવા બીજું કંઇ માગણીને નિમિત્તે રીસાય છે. આમ કરતાં કરતાં તેને ખાતી વખતે પજવવાની ટેવ પડવાથી ખરી ભૂખ લાગી હોય ત્યારે પણ પૂરું ખાતું નથી. છેવટ સુંગણીયો સ્વાભાવ પડી જઇ ભૂખ્યું રહે છે અને શરીર લોહી લેતું નથી.

બાળકે ઉતાવળથી અને ઉંચા શ્વાસથી ન ખાતાં ધીરેથી અને આનંદથી બરોબર ચાવીને ખાવું જોઈએ.

દહાડામાં ત્રણ વાર નિયમિત વખતે ખાણું ખવું જોઇયે.

બાળકને જેમ વધારે ખાવાનું અપાય તેમ વધારે તંદુરસ્ત થાય છે એવો ભૂલ ભરેલો વિચાર દેશી માતાઓને હોય છે. તેની ઇચ્છા હોય અથવા તે માગે, તે કરતાં વધારે આપવાનો કદી પ્રયત્ન કરવો નહીં. ભૂખ ન લાગવાને લીધે તે કંઇ ખોરાક લેવાનું ના પાડે ત્યારે તે પરાણે આપવો નહીં, અને

મારવું તો નહીંજ. મતલબ કે કુદરતાનુસાર ચાલવું કે જેમાં ઘણું કરીને નુકસાન હોતું નથી.

દાંત

ઘણી વાર છોકરાંના દાંત, રેતી, ઝીકાળો, અથવા બીજા કઠણ પદાર્થોથી ઘસવામાં આવે છે તેમ ન કરવું. ડાંગરનાં કે બદામનાં બાળેલાં છોતરાં ફાયદાકારક છે. તેમજ તે સેહેલાઇથી મળી શકે તેમ છે. નરમ વાળાની દાંત ઘસવાની વાળાકુંચીઓ (ટુથ બ્રશીઝ) ફાયદાકારક ગણાય છે. કેટલાએક લોકો દાંતે ઘસવાની ભૂકી સાથે મીઠું ભેળવે છે. પરંતુ દાક્તરોનો મત આથી વિરૂદ્ધ છે. કપુરથી પાસ દીધેલી ચાકની ભૂકી સર્વોત્તમ ગણાય છે.

કપડાં.

કપડાં પસંદ કરવામાં શોભા અથવા શણગાર કરતાં ઉપયોગ તરફ વધારે ધ્યાન આપવું.

બોજ—ટકાઉ અને મજબુત કપડાં પસંદ કરવાં કારણ કે છોકરાંને તે બગાડી નાખવાની અને ફાડી નાખવાની ટેવ હોય છે.

રંગ—અતિશય ધોળા રંગને પસંદ કરવો નહીં. કારણ કે એવાં કપડાં જલદીથી મેલાં થાય છે.

લજ્જા—છોડીનાં અને છોકરાનાં કપડાં લજ્જા સાચવે એવાં જોઇએ. નગ્ન અથવા અર્ધા ખુલ્લા શરીરથી બાળકને ફરવા દેવું નહીં

તાપ ટાઢથી રક્ષણ—તાપ અને ટાઢથી શરીરનું રક્ષણ કરવાને માટે કપડાં બંધ બેસતાં જોઇએ. ઉનાળાની અને શિયાળાની ઋતુને માટે જુદાં જુદાં કપડાં જોઇએ. વળી તે અતિશય ગરમી ઉત્પન્ન કરે તેવાં ન જોઇએ. ફક્ત ટાઢ ખાળે તેવાં જોઇએ. ટાઢથી રક્ષણ કરવાને શરીરના બીજા ભાગ કરતાં છાતી પર ખાસ ધ્યાન આપવું કારણ કે ઘણા ઉપયોગી અવયવો છાતીમાં રહેલા છે.

સ્વચ્છતા—કપડાં અગોબર સ્વચ્છ રાખવાં જોઇએ, અને તેટલા માટે તે વારંવાર ધોવરાવવાં જોઇએ. તેમાં ખરાબ ગંધ રહેવી ન જોઇએ.

કપડાંની સરળતા—અવયવોનું અને તેમાં મુખ્યત્વે કરીને હાથ પગનું હાલન ચાલન થઇ શકે તેટલાં ખુલ્લાં કપડાં જોઇએ. કપડાંથી બાળકનું સ્વાભાવિક હાલવુ ચાલવું બંધ પડે તેમ ન થવું જોઇએ. જઠરના તથા છાતીના સ્વાભાવિક ચલનને અથવા લોહીના ફરવાને અંતરાય કરે એવો કપડાનો કોઇ પણ ભાગ સખત ન રાખવો. તેમજ તે એટલાં બધાં સાંકડાં ન રાખવાં કે જેથી શરીર ઉપર જાથુ કાપા પડી રહે. ધોતી અથવા ધાઘરી ઘણી કઠણ પેહેરાવવાથી છોકરાઓને અગર છોડીઓને ઘણીવાર કેડે કાપા પડે છે. ચોળી પણ ઘણીવાર એટલી નાહાની શીવવામાં આવે છે કે પરિણામે છોડીની છાતી વધવા પામતી નથી, અને સાંકડી રહે છે; અને કેટલીએકવાર રોગ પેદા થાય છે.

સૂતી વખતે વાપરવાનાં કપડાં-આના સંબંધે પણ ઉપરની હકીકત ધ્યાનમાં રાખવી દિવસે તેમને વાળી મૂકવાં નહીં, પણ ખુલ્લી હવામાં મૂકવાં કે જેથી ખરાબ સોડ જતી રહે.

ઉંઘતા બાળકનું મોં ઢાંકવું એ મોહોટી ભૂલ છે તેમ કરવાથી શ્વાસમાં બહાર કાઢેલી હવા રૂંધાઈ રહે છે. એકવાર શ્વાસથી બહાર કાઢેલી હવા ફરી ફરીને લેવાથી તંદુરસ્તીને નુકસાન છે.

બાળકને નાક મોંઢું લોહોવા સારૂ રૂમાલ આપવો. પેહેરેલા કપડાથી લોહોવું તે મલીન રીતિ છે, માટે તે બંધ કરવી જોઇએ

તેહેવારના દિવસનાં કપડાં લગ્ન, મેળા, અને ઉજાણી જેવા ખાસ આનંદી પ્રસંગો ઉપર વાપરવા સારૂં સારાં કપડાં આપવાં જોઇએ. એમ કરવાથી છોકરાંને પોતાને

તેમજ માબાપ, મિત્ર, અને સગાં વહાલાંને આનંદ મળે છે. આવાંજ કપડાં સારી રીતે શણગારવાં જોઇએ.

વાળ.

ઘણીવાર બાળકનો અંબોડો ઘણો કઠણ વાળવામાં આવે છે. એમ ન થવું જોઇએ. જાડી કાંસકીઓનો પણ અણગમતો ઉપયોગ ન કરવો.

કસરત.

બાળકની તંદુરસ્તીને માટે કસરતની જરૂર છે. કસરત જેમ મનના વલણને વધારે મળતી, વધારે આનંદકારક અને વધારે સ્વાભાવિક હોય તેમ વધારે સારી. આ ઉપરથી જણાય છે કે ફક્ત અખાડાની અંગ કસરત બહુ સારી નથી.

ખુલ્લા મેદાનના અથવા દરિઆ કિનારાના જેવી સ્વચ્છ હવામાં કસરત [illegible] કસરત [illegible] કસરત પછી તુરત [illegible] ખાવા દેવો કે નાહવા દેવું નહીં.

છોકરાના જેટલીજ છોડીને પણ કસરત જોઇએ. આપણામાં આ બાબત ઉપર પુરતું ધ્યાન અપાતું નથી. જે છોડીઓને નાનપણમાં કસરત મળી હોય છે તે મોટપણે મજબૂત ને તંદુરસ્ત થાય છે, અને તેમને સેહેલાઇથી પ્રસવ થાય છે. એથી ઉલટું જેમને કસરત નથી મળી હોતી અથવા થોડી મળી હોય છે તે નબળી અને નાજુક બાંધાની થાય છે, અને તેમને પ્રસવ વખતે ઘણું દુઃખ પડે છે, અથવા જીવનું જોખમ પણ થાય છે. માથે બેહેડું મૂકી પાણી ભરવાની કસરત ઘણી સારી છે.

સ્વાભાવિક ચંચળતાને લીધે બાળકનું કુદરતથીજ કસરત તરફ વલણ હોય છે; તેમને આરોગ્ય રાખવાને અને મોટાં કરવાને માટે આ એક ઈશ્વરિક બક્ષિસ છે આ વલણ

અટકાવવું એ મૂર્ખાઇ છે, માટે કસરતની તેમને પૂર્ણ છૂટ આપો.

બાળક અને બાળકીને કસરત મળે એવી ઘણીએક ઘર આંગણાની રમતો હોય છે, એ રમતો જંગલી છે અથવા જૂની પદ્ધતિની છે, એમ ગણી તેનો ઉપયોગ બંધ પડવા ન દેવો. તે પસંદ કરવા લાયક છે, અને બાળકને આનંદ તેમજ કસરત આપે છે, એને બદલે સારી રમતો દાખલ કરવી એ મોહોટી વસ્તીમાં સેહેજ નથી.

ઉંઘ.

બાળકને નવ, દશ કલાક ઉંઘ મળવી જોઇએ, માટે એમાં અટકાવ ન કરવો. વાળુ કર્યા પેહેલાં બાળકને ઉંઘવા દેવું અને પછી જંગલી રીતે અથવા બળાત્કારે જગાડવું અને વાળુ કરાવવી એ ખોટું છે. બાળકને માબાપ, ધાવ, અથવા ચાકરની સોડમાં રાખી સુવાડવું ન જોઇએ. કુદરતી હાજતોને માટે તેમને હમેશ રાત્રે એકવાર પથારીથી બહાર લઇ જવું.

આંખોના ઉપયોગ સાથે હાથ અને આંગળીઓની કસરત.

ઘણા હુન્નર અને કામો એવાં હોય છે કે તેથી આંખ, હાથ અને આંગળીઓને સરખી રીતે કસરત મળે છે. જેવાં કે: લખોટીઓ રમવી, કલમ અથવા સિસાપેન ઘડવી, મીણ અથવા માટીથી ઘાટ બનાવવા, સોયથી સીવવું, કાતરથી ઘાટ વેતરવા, ચિતરવું, આંકવું, લખવું, ફળ કાપવાં, શાકભાજી સુધારવાં, રંગોળી પાડવી, અથવા બીજી આકૃતિઓ કાઢવી; અને હાર ગુંથવા. એથી આંગળીઓની ચંચળાઇ વધે છે. એવું ગમે તે કામ બાળક કરવા ઇચ્છા રાખે તો કરવા દેવું.

તન મનનો સંબંધ.

યાદ રાખવું કે તન અને મનને પરસ્પર ઘાડો સં-

બધુ છે, અને તે સરખાંજ ઉપયોગી છે. માટે તેમના ઉપર સરખુ ધ્યાન આપવું અને સરખી રીતે ખીલાવવાં શરીરને અતિશય ખિલવવામાં આવે તો મનને નુકસાન પહોચે છે; તેમજ મનને અતિશય ખિલવવામાં આવે તો શરીરને નુકસાન થાય છે. ફક્ત મનનેજ ખિલાવવા તરફ દેશીઓનું વધારે વલણ હોય છે.

તન અને મનને તેજમાં રાખવાં એ મુખ્ય હેતુ હોવો જોઇએ. તેમાં વળી તન તરફ પેહેલું ધ્યાન આપવું. સાધારણ બુદ્ધિવાળું મજબૂત શરીર વિદ્વતા યુક્ત નિર્બળ શરીર કરતાં વધારે સુખ આપે છે.

લોભી બાપ ઘણીવાર કાચી ઉમરમાં બાળકના મનપર અસહ્ય બોજો નાખીને તેને બળાત્કારે ખિલવે છે. આ એક મોટી ભૂલ તો શું પણ મૂર્ખાઇ પણ કહી શકાય. કારણ કે તેમ કરવાથી તેનું શરીર દુર્બળ થાય છે. મન તેમજ તનને આટલા વખતમાં આટલું વધવું એવો કંઇ સ્વાભાવિક નિયમ હોય છે. એ સ્વાભાવિક વૃદ્ધિને સહાય કરવાનો બાપનો ઇરાદો હોવો જોઇએ; પણ તેને બળાત્કારે વધારવાનો અગર અતિશય અયોગ્ય રીતે ઉશ્કેરવાનો હેતુ ન જોઇએ જો બાળક હદથી વધારે અભ્યાસ કરવાની ખુશી બતાવે તો તેમ કરવા ઉત્તેજન આપવાને બદલે પ્રતિબંધ કરવો. જો તે સાધારણ પ્રયાસથી તેર વર્ષ ।। ઉમરે મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં પસાર થાય તેમ હોય તો અગિયાર વર્ષની ઉમરે પસાર થવાને માટે આગ્રહ ન કરવો યાદ રાખો કે:-**બાળકનું શરીર નબળુ પડે એટલો બધો બોજો તેના મગજ ઉપર નાંખવો નહીં.**

અંગબળ અને બુદ્ધિબળ.

બાળકને આ બેમાંથી કઇ બાબત ઉપર વધારે ધ્યાન આપવું એ વિષે બાપે મોહોટપણે જે વધારે અગત્યનું હોય એ ઉપર ધ્યાન આપીનિશ્ચય કરવો જેમકે બુદ્ધારના સંબ-

ઘે અંગબળની વધારે જરૂર પડશે. અને સોનીના કામમાં બુદ્ધિબળની જરૂર પડશે. કારકુન કરતાં ખેડુતને વધારે અંગબળ જોઇએ. મજુર કરતાં પંડીતને ઓછું અંગબળ જોઇએ તેમજ વિદ્યાર્થી કરતાં લડવૈયાને વધારે અંગબળ જોઇયે.

યાદ રાખવું કે સાધારણ રીતે બધા દેશોમાં, અને વિશેષે કરીને હિંદુસ્તાનમાં માનસિક કરતાં શારીરિક મેહેનતની વધારે જરૂર છે. ભરણ પોષણાર્થે માનસિક મેહેનત કરતાં શારીરિક મેહેનત વધારે સબળ સાધન છે.

દવા.

છોકરાંને તંદુરસ્ત દેખવાની હદ ઉપરાંત ઇચ્છાને લીધે તેમને દવા આપવાનો શોખ આપણામાં હદ ઉપરાંત હોય છે. જ્યારે જરૂર હોય ત્યારેજ દવા આપવી. જાનવરનાં બચ્ચાં જે ઘણું ખરૂં તદન દવા વગરજ ઉછરે છે તેના કરતાં બાળકને વધારે દવાની જરૂર નથી. જ્યારે બાળક દવા લેવાને ના પાડે છે ત્યારે માબાપ ઘાતકી રીતે બળાત્કાર કરે છે એમ કરવું ભૂલ ભરેલું છે. આગળ કહેવામાં આવશે એ મુજબ જો બાળક ઉપર માબાપનો બરોબર દાબ હશે તો તેઓને ફરમાવતાંજ આનાકાની કર્યા શિવાય દવા લેશે.

બળિયા વેહેલા ટંકાવ્યા હોય તો શિતળા, (બળિયા, ઓરી, અછબડા) વિગેરેમાંથી રક્ષણ થાય છે. માટે બાળકને જેમ બને તેમ નહાની ઉમરે બળિયા ટંકાવવા જોઇએ. માબાપો આ સુચના ઉપર ધ્યાન આપતા નથી અથવા ઘણું મોડું આપે છે, અને તેનું પરિણામ એ થાય છે કે શિતળાથી ઘણા બાળકનું શોકકારક મૃત્યુ થાય છે. ઘણીવાર બાળકની આંખો દુઃખવા આવે છે. ગમે તે દવાખાનામાંથી આની દવા મળી શકે અને દુઃખ દૂર થાય, પરંતુ સારી દવા કરવાને બદલે માબાપો ઘણીવાર ઉંટવૈદ પાસે દવા કરાવે છે. એથી કોઇવાર એ પરિણામ નીપજે છે કે વહાલા બાળકની આંખોને

જીવંત પર્યંતનું થોડું ઘણું નુકસાન પહોચે છે. માબાપે યાદ રાખવું જોઇએ કે, આંખ એ સર્વ અંગમાં ઉપયોગી ઇંદ્રિ છે. માટે તેના ઉપર બેદરકાર રહેવું નહીં.

બાપનું છોકરા પ્રત્યે હેત.

બાપે હમેશ ખરા અંતઃકરણથી બાળકને ચહાવું જોઇએ. છોકરો જેમાં આનંદ માને તેમાં બાપે પણ આનંદ માનવો. કારણ કે એથી બાળકને બમણો આનંદ થાય છે. તેમજ બાળકને જે આનંદ દાયક છે તેમાં બાપે ભળવું પણ જોઇએ.

બાળક પોતાની મરજી મુજબ રમકડાં ગોઠવી બાપને તે જોવા આવવાનું કહે તો બાપે ના ન પાડતાં ખુશીથી જવું અને તે તરફ પોતાનો આનંદ દેખાડવો. તે વાંસનો અથવા કેળના થાંભલાનો બંગલો બનાવવાને આતુર હોય તો તે વખતે બાપે તેને જોઇતી ચીજો પુરી પાડી આપવી. જો તેને ફુલમંડળી ભરવાનો વિચાર હોય તો બાપે જોઇએ તેટલાં ફુલ આણી આપવાં, અને હાર ગુંથવા લાગવા. પસંદ પડતી રીતે હાર પહેરાવવામાં પણ તેને મદદ કરવી.

જો બાળક કંઇ ખાવાનું લાવે અને બાપને તેમાં ભાગ લેવાનું કહે તો બાપે આનંદથી તેમાં ભળવું.

જો બાળક પાસે નાની હોડી હોય તે તેને તરાવવી હોય તો તેમ કરવામાં બાપે મદદ કરવી. જો તે હોડીમાં નાની મૂર્તિ અથવા ચાટવાની જોડ મૂકી આપે તો બાળકના આનંદમાં ઘણો વધારો થશે.

આમ ઘણી રીતે બાપે છોકરાના આનંદમાં અથવા રમતમાં ભાગ લેવો. આમ કરવાથી બાળકનો બાપ સાથે સંબંધ વધશે અને તેની સત્તામાં વધારો થશે.

તેજ પ્રમાણે બાળકની નહાની હરકતોમાં અથવા અડચણોમાં બાપે દુઃખનો ભાગ લેવો અને બાળકને જણાવવો.

જ્યારે પોતે તેને શિક્ષા કરે ત્યારે પણ દયા અને દિલગિરી દેખાડવાં કે જેથી બાળકના મનમાં એમ આવે કે તે નાખુશીથી અને જરૂર જણાયાથી આમ કરે છે કેટલાએક બાપ એવી રીતે વર્તે છે કે જ્યારે તે ઘર છોડીને જાય છે ત્યારે બાળક ખુશી થાય છે. આ ખોટું છે. જો તે માયાથી તેમની સાથે વર્તે તો એથી ઉલટું ઘેર રહે ત્યારે આનંદ માને.

ટુંકામાં–બાપ દુઃખ આપનાર નહીં પણ આનંદ આપનાર છે એમ બાળક માને તેમ થવું જોઇએ.

બાપની નકલ.

યાદ રાખવું કે બાળકનો સ્વભાવ નકલ કરવાનો હોય છે. જો બાપનું વર્તન સારૂં હોય તો તે બાળક ઉપર શિખામણ કરતાં વધારે સારી અસર કરશે. જો બાપ નિત્ય ગુસ્સામાં રહે તો બાળક તુર્તજ તેની નકલ કરશે. જો બાપ અસભ્ય રહે તો બાળક તુર્તજ તેવું શિખશે. માટે બાળકનું મોટાપણે જેવું વર્તન રાખવાને બાપ ઇચ્છતો હોય તેવું વર્તન તેની રૂબરૂ રાખવાને માટે તેણે કાળજી રાખવી. ઘણું ખરૂં કુટુંબના સઘળા માણસોએ આ વાત ધ્યાનમાં રાખવી અને તેને ખરાબ સંગતિથી હમેશ દૂર રાખવું.

બાળકના સારા અને ખોટા ગુણો.

બાળકના કયા ગુણો સારા એટલે ઉતેજન આપવા યોગ્ય છે અને કયા ગુણો ખોટા એટલે દાબી દેવા જેવા છે એ જાણવું મુસ્કેલ નથી જે ગુણોને સર્વ મનુષ્યો જગતમાં વખાણે છે તે સારા અને જેને જગતમાં સર્વ મનુષ્યો નિંદે છે તે ખોટા.

પ્રથમ માબાપ, ભાઇબેન, કુટુંબના બીજા માણસો, અને ચાકરનો, પછી પાડોશીનો, અને છેવટ સર્વ માણસોનો સારો અભિપ્રાય, માન, અને પ્યાર પ્રાપ્ત કરતાં બાળકને બાપે

શિખવવું જોઇએ. તેમજ સભ્યતા, સત્યતા, અને પ્રમાણિક પણા જેવા અગત્યના સદ્ગુણો વધારવાને ખાસ ધ્યાન આપવું.

ચાકર.

બાળકને કુટેવો શિખવનાર અથવા હલકુ કામ કરી બતાવનાર ઘરના નીચ ચાકરોથી સાવચેત રહેવું. ઘણાં ઉમદા કુટુંબોનાં બાળકોને ચાકરોએ અગણિત નુકસાનમાં નાખ્યાં હોય એવા ઘણા દાખલા મારા જાણવામાં છે.

વસ્તુઓમાં આનંદ પ્રાપ્ત કરવો.

" જેમ ખોરાક વધારે મન ભાવતો હોય છે તેમ શરીર તેને સારી રીતે પચાવે છે. જેમ જ્ઞાન વધારે મન ભાવતું હોય છે તેમ મન તેને વધારે પચાવે છે " ખોરાક બાળકને સ્વાદિષ્ટ લાગે એવો શી રીતે બનાવવો એ જેટલું આપણે જાણીએ છીએ તેટલું જ્ઞાન મન પસંદ શી રીતે બનાવવું તે જાણતા નથી. આને માટે કેટલીએક સુચના નીચે આપીએ છીએ:—

દરેક બાળકને નવું જાણવાની સ્વાભાવિક જીજ્ઞાસા હોય છે તેથી પોતાની નજર તળે આવેલી દરેક વસ્તુ વિષે જાણવાને આતુર થાય છે. તે પોતાની ઇંદ્રિઓ આજુબાજુની વસ્તુઓમાં રોકે છે, અને તે વસ્તુઓ ઓળખવામાં આનંદ માને છે. તે તેમને જુવે છે, અડકે છે, ચાખે છે, સુંઘે છે, અને સાંભળે છે. આ ક્રમ હમેશ ચાલ્યો જાય છે, અને બાળકને ધીરે ધીરે વસ્તુઓનું જ્ઞાન વધતું જાય છે.

બાળકને આ પ્રમાણે કોઇ એક વસ્તુનું જ્ઞાન સંપૂર્ણ થયા પછી તે વસ્તુ તેને આનંદ આપતી નથી. તે તરફ ફરીને નજર કરતું નથી, પણ બીજી કોઇ અજાણી વસ્તુ જોવાનું તેને મન થાય છે. આ ઉપરથી એતો ખુલ્લુંજ છે કે બાળકનું જ્ઞાન વધારવાને બાપે તેની નજર ત-

જે એક પછી એક નવી વસ્તુઓ લાવવી જોઇએ. જૂની અ-ને અવલોકન કરેલી વસ્તુઓને પણ નવાં અને આશ્ચર્યકારક રૂપમાં ફેરવી હોય તો તેમાં બાળકનો ભાવ અને આનંદ વધતો જશે.

જેમકે—વાંસની લાકડીમાં કંઇ પણ ભાવ પેદા થતો નથી, તોપણ તિર્પાઇના આકારમાં ત્રણ લાકડીઓ ભેગી જોડો અને તેની ઉપર બાળક પોતાની રમકડાંની પેટી મૂકે તો એમાં તેને તુર્તજ મઝા પડશે, અને ફરીને એવી તિર્પાઈ કરવાને મથશે. ઘણીવાર જોએલાં પત્તાં આનંદ આપતાં નથી, પરંતુ એમને ઘરના આકારમાં ગોઠવો તો બાળક ખુશી થશે, અને પોતે જાતે તેનું ઘર બાંધવાને મથશે. તેમ-જ, ધાતુના વાળાનું ગુંચળું આનંદ આપતું નથી. પરંતુ તેજ વાળાને લાકડાના કટકાએ તાણી બાંધી વગાડશો તો તે આશ્ચર્યજનક અને બાળકને એકાગ્રતાનું કારણ થઇ પડશે.

આવાં દૃષ્ટાંતો સંખ્યાબંધ આપી શકાય. કાચના કટકામાં કંઇ નવાઇ નથી. તેને દિવા ઉપર ધરી તેના ઉપર કાજળનું પડ વળવા દો; અને તેમાંથી બાળકને જોવા દો તો તેને ઘણી નવાઇ લાગશે. બાળકને જૂદા જૂદા રંગના કડકા જોવાને આપો તો તેમાં તેને નવોજ, આનંદ પ્રાપ્ત થશે.

સાધારણ શુક્લાવરના ફુલમાં કંઇ નવાઇ જેવું નથી, પરંતુ તેને કચરી કાગળના કટકા ઉપર ઘસો અને તેના ઉ-પર કળીચૂનાના પાણીથી લખો અને અક્ષર કેવા એકદમ લા-લચોળ ઉઘડે છે તે બાળકને દેખાડો. એટલે તેને નવાઈ જેવું લાગશે.

સાધારણ પીંપળાનાં પાનાં ઉપર કંઈ ધ્યાન આપવામાં આવતું નથી. તેને વાળીને સિસોટિ વગાડી બતાવો તો તુર્તજ બાળક તે તમારી પાસેથી ઝુંટાવી લેશે અને એવી-જ સિસોટિ જાતે બનાવવાને વારંવાર યત્ન કરશે.

નાળિએરની કાચલી સાધારણ ગણી ફેંકી દીધામાં આવે છે. તેની હોડી બનાવો અને તરવા મૂકો તો બાળક ઘણી નવાઇ પામશે.

જૂનું વર્તમાનપત્ર પણ ફેંકી દીધામાં આવે છે. તેની પતંગ બનાવીને ઉરાડો તો બાળક તેથી ઘણો આનંદ પામશે.

નાળિએરની અરધી કાચલીમાં કંઇ નવાઇ નથી. તેની નીચે કાણું પાડો અને તરવા મૂકો. એમાં પાણી ચઢશે તેથી, અને તે એકદમ તળીએ પહોંચશે, તેથી ખુશી થશે. એ જ પ્રયોગ જૂદે રૂપે કરો. કાચલીને બદલે નીચે કાણાવાળો પ્યાલો લ્યો અને તેની એવી ગોઠવણ કરો કે પાંચ મિનિટે ડૂબી જાય. કહોકે **એ વખત માપવાનું યંત્ર છે.** જો પ્યાલો વારંવાર ડૂબાવીએ તો એક કલાક થાય. ત્યારબાદ બાળકને વખતની શીશી દેખાડો, અને સમજાવો કે એ વખત માપવાનું બીજું યંત્ર છે.

કાચની ચલાણીમાં કંઇ નવાઇ નથી પણ ભીંની આંગળીથી તેની કોરે ઘસો, એટલે તેમાંથી નીકળતો નવો અને અજાએબ જેવા અવાજ નજીકનાં બધાં છોકરાંને ખુશી કરશે.

રબરનો ફૂંકો બતાવી સમજાવો કે હવાને સ્પર્શ થઇ શકે છે અને તે સ્થિતિસ્થાપક છે.

એક કાચનો પ્યાલો લ્યો અને તેને તળીએ સૂકા કપડાનો કટકો ચોંટાડો, પછી પ્યાલો ઉંધો કરી પાણીમાં દાબો અને દેખાડો, કે પાણી ચઢીને કપડાને ભીંજવતું નથી. આ પ્રયોગથી* ડાઇવીંગ બેલનો મુદ્દો સમજાવી શકાશે. પાણીથી ભરેલા વાસણમાં£સાઇફન મૂકી પાણી ખેંચવાથી બાળકને આનંદ અને જ્ઞાન મળશે.


એક કપૂરના કકડાને પાણી ઉપર તરતો મૂકી તેને સળ-

---

*દરિયામાં માણસ સહિત ડુબનારો ઘંટ £સાઇફન=

ગાવો. પછી હવા બંધ કરવા પાણીને અડે ત્યાંસુધી એક પ્યાલો તેના ઉપર ઉંધો ઝાલી રાખો અને દીવો કેવો હોલવાઇ જાય છે તે બતાવો. આ ઉપરથી સમજાવાશે કે બળતણમાં હવાની જરૂર છે.

કલાઇગરા પાસે હાથ બે હાથ લાંબુ આડું ભુંગળું કરાવો અને ચિત્રમાં બતાવ્યા મુજબ તેને બંને છેડે વધારે



ઓછી ઉંચાઇનાં બે ભુંગળાં ચોટાડાવો. થોડી કીંમતમાં એ કરાવી શકાશે. ઉંચા ભુંગળામાંથી પાણી રેડો ને નીચા ભુંગળામાંથી ઉંચે ફુવારો ઉડશે. આમાં છોકરાંને ઘણો આનંદ લાગશે. તે ઉંચે ચઢતો પ્રવાહ વખતે

સાઇફન=



આવા આકારની ભુંગળી પાણીથી ભરી પાણી નીકળી ન જાય તેમ ઉંધી વાળી ટુંકો છેડો પાણીમાં બોળવાથી બીજો છેડો જે પાણીની બહાર રાખ્યો હોય તેમાંથી પાણી એની મેળે નીકળવા માંડશે. આ પ્રયોગને આધારે હુકાને પાણીથી પૂરો ભરી મેર તરફથી પાણીમાં બોળ્યો હોય તો નેહ તરફથી પાણી નીકળવા માંડશે. જે વાસણમાં પાણી ભર્યું હોય તે ખાલી થાય ત્યાંસુધી પાણી નીકળતું જાય છે.

નાની લખોટી અથવા બીયાંને ઝીલી શકશે, અને તેના

આમ તેમ ઉછળવાથી છોકરાંને આશ્ચર્ય લાગશે. એ પ્રયોગમાં ફેરફાર કરીને ઘણા દિવસ સુધી તેમાંથી આનંદ લઇ શકાય. પાણી પોતાની સપાટી કેવી રીતે સરખી રાખે છે તે સ્વાનુભવ ઉપરથી બાળક શિખશે.

આ સઘળું યંત્ર ભોંયમાં એવી રીતે દાટો કે ઉભી ભુંગળીઓનાં મોંઢાં બહાર ખુલ્લાં રહે. આથી વળી વધારે અચંબો થશે એવી રીતે ફુવારાનું પાણી શાથી ઉંચું ઉછળે છે તથા શહેરોને પાણી કેવી રીતે પુરૂ પાડવામાં આવે છે તે બાળકને સમજાવી શકાશે.

ક્રમવાર શિખવવું.

ચાલવામાં અથવા ચઢવામાં ધીરે ધીરે અને નિયમિત પણે જવું જોઇએ, એ જેમ હરકોઇના સમજ્યામાં આવે છે તેમ બાળકને ધીરે ધીરે અને નિયમિતપણે જ્ઞાન વધારવું જોઇએ—એ સમજ્યામાં આવતું નથી.

આ નિયમ ધ્યાનમાં રાખી તે પ્રમાણે બાળકને ચલાવો.

ધારો કે માટીનાં વાસણ શી રીતે બનેછે તે તમારે બાળકને સમજાવવાનું છે. તો, પેહેલી તેને ભેગી કરેલી માટી દેખાડો, પછી કેવી રીતે પાણીથી પલાળી તેનો લચકો કરવામાં આવે છે તે, અને પછી તે લચકો ચાક* ઉપર મૂકીને ચાક ફરતો છતાં હાથથી કેવી રીતે ઘાટ ઉતારવામાં આવેછે તે દેખાડો. પછી તૈયાર થયેલું વાસણ શી રીતે ઉતારી લેવાયછે તે, અને તડકામાં કેવી રીતે સુકવી કઠણ કરાયછે તે દેખાડો. પછી તેને ભઠ્ઠીમાં કેવી રીતે પકવે છે તે દેખાડો. આમ ક્રમવાર કડકે કડકે બતાવવાથી બાળક સઘળી હકીકત સેહેલાઇથી અને પૂર્ણ રીતે સમજશે.

કપડું શી રીતે બનાવે છે તે બાળકને સમજાવવું હોય ત્યારે પણ એવેજ માર્ગે જવાનુછે. તેને વેણુ આગળ લઇ જઇ કપાસનાં ડોડવાં વીણી કપાસ અને કાલાં જૂદાં પાડો. પછી

*ચાક—પૈડું.

ચરકો દેખાડી કપાસમાંથી રૂ શી રીતે જુદું પાડે છે તે દેખાડો. પછી રેંટીયો દેખાડી રૂમાંથી તાર શી રીતે કાઢે છે તે દેખાડો. પછી તાણો કરવાની અને પાવાની રીતિ બતાવો. એમ કરતાં કરનાં કપડું તૈયાર થાય ત્યાંસુધી દેખાડો. અનુક્રમે માહિતી આપવાનો નિયમ દરેક જાતના શિક્ષણને લાગુ પડશે. ભૂમિતિની પાછલી પ્રતિજ્ઞાઓ સમજાવ્યા વગર પહેલા સ્કંધની ૪૭ મી પ્રતિજ્ઞા સમજાવવાને યત્ન કરો તો ખચિત નિષ્ફળ થશો. હમેશ પદે પદે વધો અને બાળક બીજું પદ આરંભે ત્યાર પહેલાં પહેલું પદ બરોબર સમજ્યો છે તે વિષે ખાત્રી કરો.

આનંદી સ્વભાવની જરૂર.

જીંદગીની સઘળી સ્થિતિઓમાં સુખને માટે આનંદી સ્વભાવની જરૂર છે, માટે તેને બાળપણમાં ખિલાવવાને કાળજી વાળા થાઓ.

તેને વધારવાની સર્વથી સારી રીત એ છે કે બાળકને મળો ત્યારે તમો માયાથી હસો અથવા જાતે આનંદમાં રહો. તેની સાથે આનંદથી વાત કરો ગુસ્સા ભરેલી રીતભાત તજો. તેનું મન આનંદમાં રાખો તેના આનંદમાં બને તેમ ઓછો અંતરાય કરો. આ નિયમ જો દૃઢપણે ધ્યાનમાં રખાય અને તેનો ઉપયોગ બરોબર સમજાય તો ઘણો સેહેલો છે. બળાત્કારે કરતાં સમજાવીને કામ લેવાથી બાળક વધારે સારૂં કેળવાય છે

વાતો કહેવી.

બાળકને નાની વાતો સાંભળવાનો ઘણો શોખ હોય છે. માએ અથવા બાપે બાળકને ઇનામ તરીકે કોઇ કોઇ વાર સારી વાતો કહેવી જોઇએ, વાતથી ફક્ત આનંદજ નહીં પણ ઉપયોગી શીખામણ પણ આપી શકાય છે.

બાળકને કહેવાની વાત ટુંકી અને સાદી ભાષામાં હોવી

જોઇએ.

વાત પુખ્ત ઉમરના માણસના સંબંધની નહીં પણ બાળકના સંબંધની હોવી જોઇએ.

તે આનંદ દાયક, સ્વાભાવિક અને સંભવિત જોઇએ.

તે જોડી કાઢેલી નહીં પણ ખરેખર બનેલી છે એવું જણુઇ આવવું જોઇએ.

આપણી વાર્તાઓ ઘણીવાર દોષયુક્ત હોય છે, એટલે તેમાં અસંભવિત અથવા જુદી હકીકત હોય છે. દેવ, ભૂત, જાદુ, અને એવીજ બીજી અદ્રશ્ય ચીજો બાળકની વાર્તામાંથી કાળજી રાખી બાતલ કરવી.

યાદ રાખો કે જેવી રીતે છબીમાં કુદરતી પદાર્થો હોય તેવા જણાય છે તેવીજ રીતે વાર્તામાં જીંદગીમાં બનેલી ખરી હકીકત હોવી જોઇએ. બુદ્ધિશાળી બાપ પાસે આનંદદાયક અને બોધકારક વાતોનો ભંડાર હોવો જોઇએ. એવી જાતનાં સારાં પુસ્તકો ઓછાં છે તોપણ તેવાં શોધી કાઢી અને તેટલી સારી વાર્તાઓનો ભંડાર ભેગો કરવો.

ગરીબ બાપને આ પણ મળી શકે તેમ ન હોય તો તેણે પાડોશમાં બનેલી ખરી હકીકતનું કથન કરવું. જેમકે ફલાણા છોકરાનું અથવા છોડીનું ઘરેણાને માટે આવી રીતે મરણ થયું. ફલાણો છોકરો બેકાળજીથી ઝાડ ઉપર ચઢયો તેથી પડયો અને પગ ભાગ્યો. પેલી છોડીએ વગર વિચારે દેવતા પકડવાથી તેનાં કપડાં સળગી ઉઠયાં અને અતિશય દાઝી, વિગેરે.

વસ્તુઓનું જ્ઞાન.

બુદ્ધિશાળી બાપે બાળકને રમુજી અને ઉપયોગી ચીજો દેખાડવાને ભુલવું નહીં દાખલા માટે થોડાંએક નામ નીચે આપીએ છીએ.

ખાવાનુંઅનાજ જેવુ કે ઘઉં,ચોખા,બાજરી,દાળ,વિગેરે.

તેલ આપનાર બીજ, જેમકે-તલ, એરંડી, સરસવ.
મુખ્ય ધાતુનાં નામ. જેમકે—ત્રાંબુ, લોઢું, પીતળ.
મુખ્ય લાકડાનાં નામ જેમકે-સાગ,સીસમ,સુખડ,બાવળ.
મુખ્ય પથ્થરનાં નામ. જેમકે—આરસ, અકિક, અડદિયો

કાચા એટલે સ્વાભાવિક સ્થિતિ નહીં બદલેલા મુખ્ય પદાર્થો જેવા કે રૂ, ઉન, રેશમ, ચામડુ, મધ, મીણ.

નાનું છાપખાનું, ઘાણી, કુંભારનો ચાક, દેશી સાળ, કોહોસ, સંઘેડો, ચરકો, કોસ, હળ.

ઝાડની અને છોડની વૃદ્ધિ કરવાની જૂદી જૂદી રીતો જેવી કે ડુંકો કાપવાની, કલમ વાળવાની, સોરવાની, વીગરે.

કોળવાઇ દેખાડો અને તે ઉપરથી જંગલમાં હાથી અને વાઘ શી રીતે પકડાય છે તે સમજાવો.

આવાં સાધનોથી બાળકને દરરોજ નવું નવું શિખવી શકાય. એથી બાળકના જ્ઞાનનો વિસ્તાર થોડાં વર્ષોમાં ઘણો વધશે; અને એ વિષેની તજવીજ કરવામાં ઘણો આનંદ માની અવલોકનશક્તિ વધારશે.

ગણિત.

બી, ફૂળ, ચનોખડી, અને કચ્ચાં જેવી ચીજોના હિસાબ આપો. બાળકને કામની ચીજોના હિસાબ પૂછવાથી આનંદ સાથે ગણેછે. જેવા કે-ચાર પૈસાની પેનો કેટલી લાવું? આ કચ્ચાં તમે ત્રણ ભાઇ સરખાં વહેંચી લ્યો. ઘરનાં બધાં માણસને વહેંચવા કેટલી પાનબિડિઓ કરીશુ? આંક મોંઢે કરાવવા જોઇએ. લેખાં જેવા મોંઢાના હિસાબથી ઘણોજ ફાયદો થાયછે.

તર્કશકિતની કેળવણી.

આ વિષય ઉપર બાળપણામાં જેમ વધારે ધ્યાન આપશો તેમ મોહોટપણે વધારે ફાયદો થશે.

સેહેલી અને સમજાય એવી ઢબથી કોઇ વિષયનું વ્યાખ્યાન કરવા કાળજી રાખવી.

જ્યારે તમે કંઇ કરવાનું અથવા ન કરવાનું કહો ત્યારે તેમ કરવાનું કારણ સમજાવતા રહો.

જ્યારે બાળક કંઇ સમજાવે અથવા સાબીતી આપે ત્યારે તે સાંભળો અને હોંસ લાવો જ્યારે બાળક અંદર અંદર કાંઇ વિવાદ કરતાં હોય ત્યારે તેમનું સાંભળો. અને તેમનાં મતને મળતા આવીને અથવા વિરૂદ્ધ પડીને તેમને ખંતિલાં કરો.

જ્યારે તેમને માંહો માંહે મતભેદ પડે ત્યારે તે ભેદ ભાગવામાં તમારી ન્યાયબુદ્ધિ વાપરી સત્ય વાતનો નિશ્ચય કરાવો. આવી બાબતની તરદી લેવામાં નાખુશ થવું નહીં.

જો બાળકની તર્કશક્તિ વધારવા વિષેની અગત્યની તમને બરોબર કીંમત હોય, અને ખરા મનથી પ્રયત્ન કરતા રહો તો આ વિષયમાં તેને કેળવવાના સેંકડો રસ્તા તમને જડશે.

પ્રશ્ન પુછવાની જીજ્ઞાસા વધારવી.

સ્વાભાવિક જીજ્ઞાસાથી ઉશ્કેરાઇને બાળક ઘણીવાર પ્રશ્ન પૂછે છે. એમ કરવામાં તેને અટકાવ ન કરો અથવા વઢો નહીં પ્રશ્ન પુછવો એ જ્ઞાનને માટે આકાંક્ષા સુચવે છે, માટે એ શુભ ચિન્હ છે. "ચુપ રહે" એમ કહીને બાળકને અટકાવવો નહીં પરંતુ સમજાય તેવો અને આનંદકારક તેના સવાલનો જવાબ આપો.

બાળક તમારા ટેબલ નજીક આવીને પૂછે કે આ શું છે? તો જવાબ દો કે એ વજન છે.

સવાલ—એ શા ઉપયોગનું છે?

જવાબ—પવનથી કાગળ ઉડી જતો અટકાવવાને માટે એ છે.

સવાલ—સાધારણ પથ્થર હોય તો ન ચાલે?

જ.—ચલે. પરંતુ ટેબલ ઉપર એવી ચીજ મુકવાથી સારૂં દેખાય નહીં. આમાં શોભા અને ઉપયોગ બન્ને છે.

સ.—આ રાતા રંગનો કાગળ શો છે ?

જ.—એ સાહીચુસ કાગળ કહેવાય છે.

સ —એ શા કામમાં આવે છે ?

જ.—શાહી સુકવવાના કામમાં.

સ.—શી રીતે સુકવાય છે ?

જ.—આ રીતે.

આ નમુના પ્રમાણે સઘળી પુછપરછનો જવાબ દો. મેહેનતથી કંટાળતા નહીં. બાળક આનંદ પામશે, અને એ થી પણ વધારે ફાયદો એ થશે કે, તેનું વસ્તુઓનું જ્ઞાન વધશે.

મોહોટા વિદ્વાનો બધું જ્ઞાન એક દિવસમાં મેળવતા નથી. કટકે કટકે અને ધીરે ધીરે મેળવે છે.

એકદમ જ્ઞાન મેળવવા કરતાં આવી રીતે મેળવેલું જ્ઞાન મનમાં વધારે સારૂં ઠસે છે.

દરેક ચીજ પ્રત્યક્ષ બતાવવી

દેખીતું છે કે, બાળકને શબ્દસાધનથી જાણેલી વસ્તુ કરતાં ઇન્દ્રિયસાધનથી જાણેલી વસ્તુનું જ્ઞાન સારૂં અને આબેહુબ થાય છે. શબ્દ તો ફક્ત ધ્વનિજ છે. તેમને ઉપયોગી પશુ, પક્ષી, અને માછલીઓ મરેલી નહીં પણ જીવતી દેખાડો. જાણવા જેવાં પુષ્પ, કે ફળ ઝાડ અથવા છોડ ઉપર હોય ત્યા રેજ દેખાડો.

બાળકને દરેક વસ્તુનું અવલોકન સંપુર્ણ અને સઘળી બાજુએથી ઉતાવળથી નહીં પણ નિરાંતથી કરવા દો, અને બનતા સુધી પોતાની ઇન્દ્રિઓનો ઉપયોગ કરે તેમ કરો.

કોઇવાર સમજ શક્તિ વધારવાને ફળ જેવી ચીજોને ભાગીને અંદરની ચીજ દેખાડો.

આ નિયમને જેમ વધારે નિપૂણતાથી અનુસરાય તેમ

છોકરાના વિચાર પ્રમાણે પુર્ણ અને ચોકશ થશે. બુદ્ધિની ખિલવણી કરનારને એ ઘણો ઉપયોગનો છે.

ઘણીવાર આ નિયમ ઉલંઘન કરવાથી ઘણાનાં મન અસ્થિર, કઠોર, અને સુસ્ત થાય છે. એ બાબતનો મનેજ અનુભવ થયો છે કે મેં રેલગાડી વિશે ઘણુ વાંચ્યું હતુ, પરંતુ ખરેખરી રીતે તેમાં બેસીને જ્યાં સુધી મુસાફરી કરી નહોતી ત્યાં સુધી તેનો ખરો ખ્યાલ મનમાં બેઠો નહોતો.

તેમજ મારા પોતાના હાથમાંજ કૃત્રિમ બરફનો કડકો આવ્યો નહોતો, ત્યાંસુધી બરફ શું છે તે હું સમજી શકતો નહોતો. હજુ પણ* સ્વાભાવિક બરફનો મારા મનમાં ખરો ખ્યાલ આવ્યો નથી. તેમજ † બરફ ઉપર સરવાની રમત કેવી છે તે પણ જાણુતો નથી. તેમજ મેં ઇંગ્રેજી કવિતાઓમાં "વાયોલેટ" શબ્દ વાંચ્યો હતો, તોપણ તે કેવી જાતનું પુષ્પ છે તે સમજતો નહોતો.

જેમણે દરીઓ જોયો નથી તેમને તેનો ખરો ખ્યાલ મનમાં આવતો નથી. સંસ્કૃત પંડિતો ઘણીવાર સિંહ શું છે તે જાણુતા નથી, તેમજ નળિકાયંત્ર (દુરબીન) અથવા સુક્ષ્મદર્શકયંત્ર શા કામમાં આવે છે તેપણુ જાણુતા નથી. ઘણા દેશી વિદ્યાર્થીઓ પોતાના ગણીતમાં લખ્યા છતાં પૌન્ડ, શિલિંગ, અને ફાર્દિંગ એ શું છે તે, તેમજ વિલાયતી તોલ અને માપ સમજતા નથી.

જ્યારે દવા લેવાનો પ્રસંગ આવે છે ત્યારે દેશીઓ ઘણી વાર ગુંચાય છે કે વાઇન ગ્લાસ, ટેબલનો ચમચો, ચાહાનોનો ચમચો, ખાણુનો ચમચો, વિગેરેનો કેટ-

---

* હિમ-કરા. † Skating–સ્કેટીંગ. આ રમત ઠંડા દેશોના યુરોપિયનો રમે છે.

લો તોલા અને શો અર્થ થતો હશે. તેમજ કેટલાએક વધારે ભણેલા વિદ્યાર્થીઓ પણ જાણતા નથી કે ગ્યાલન એ શું છે અને ફર્લાંગની લંબાઇ કેટલી હશે.

કારણ સમજાવવું.

જ્યારે કંઇ સારૂં નરસું બને ત્યારે તેનું ખરૂં કારણ બાળકને સમજાવો, જેમકે—

કોઇ ઘર બળ્યું હોય તો સમજાવો કે રસોડામાં દેવતા કાળજીથી સાચવ્યો નહીં માટે એમ બન્યું.

કોઇ છોકરાને ઇનામ મળે તો સમજાવો કે એ તેની મેહેનતનું ફળ છે.

બાપે આવાં કારણ સમજાવવાં નહીં, જેવાં કે—

(૧) સારો અથવા ખોટો સમય. કળિયુગ.

(૨) સારો નરસો દૈવ યોગ.

(૩) સારો નરસો ગ્રહ યોગ.

(૪) નશિબ.

આવી બાબતો હમેશ અનિશ્ચિત, ખોટી, અને ન સમજાય તેવી હોયછે. ઘણે અંશે, માણસના યત્ન અને બુદ્ધિથીજ કલ્યાણને સાચવી શકાય અને દુ:ખ દુર કરી શકાય. જ્યારે આપણામાંથી આવા વેહેમો જશે, ત્યારેજ આપણો ઉદય અને આબાદી થશે.

શંકાનું નિરાકરણ બાળકને જાતેજ કરવા દો.

જેમ કે—છોકરો પૂછે કે દરિયાનું પાણી પીવાને માટે વપરાય? તેનો જવાબ આપવાને બદલે તેને દરિયા આગળ લઇ જાવ અને તેને જાતેજ પાણી ચાખવા દો. તેમજ પૂછે કે—ઉકાળેલી ડાંગેર વાવીએ તો ઉગે? કોઇ ઉકાળેલો દાણો ઉગે? ઉપરનું કાચલું કાઢી નાખેલો બીજ ઉગે?

આવી બાબતનો જવાબ બાળકનેજ અજમાવી શોધી કાઢવા દો.

જાતના અવલોકનથી મળેલું જ્ઞાન વધારે સારૂં છે.

એક બે દાખલા આપી આનો હેતુ બરોબર સમજાવીએ.

ધારો કે બાળકને મોર કેવો હોય છે એ જાણવાની ઇચ્છા થઇ, તો તેને લખેલા અથવા કહેલા કોઇ પણ શબ્દો આંખે જોવા જેવો ખરો ખ્યાલ આપશે નહીં.

એજ પ્રમાણે હોડીમાં બેસીને જળ માર્ગની મુસાફરી કરવાનું પણ છે. બાળકને પ્રત્યક્ષ તેનો અનુભવ લેવા દો.

બાળકને પોતાના અવલોકનથી જે જ્ઞાન મળે છે તે **ઉત્તમ પ્રતનું** હોય છે. અને મોઢે અથવા ચોપડીના શિક્ષણથી મળે છે તે મધ્યમ પ્રતનું હોય છે. એટલે ખુલ્લું છે કે બીજા કરતાં પ્રથમનું જ્ઞાન પસંદ કરવું શ્રેષ્ઠ છે. જ્યારે પેહેલો માર્ગ અશક્ય હોય ત્યારેજ બીજો માર્ગ લેવો.

જ્ઞાનેંદ્રિયો તીવ્ર અને ચંચળ કરવી.

આને માટે ઉત્તમ રીત એ છે કે વારંવાર જૂદે જૂદે પ્રકારે ઇંદ્રિઓને આનંદ સાથે કેળવણી અને કસરત મળે એવાં સાધન બાપે બાળકને કરી આપવાં. જોવાની, સાંભળવાની સુંઘવાની, ચાખવાની, અને સ્પર્શ કરવાની ઇંદ્રિયો કેટલે દરજ્જે સુધરે તેની સીમા નથી. આમાંની એક અથવા વધારે ઇન્દ્રિની સત્તાથી બાળક હરકોઇ વસ્તુનું ઓળખાણ અને જ્ઞાન મેળવે છે. મંદ ઇંદ્રિયોવાળા બાળકને કેળવણીથી સુધારી શકાય છે. અને ઘણીએક વાર તેવો બાળક વગર કેળવાએલા તીવ્ર ઇન્દ્રિયો વાળા બાળક કરતાં શ્રેષ્ઠ નીપજે છે. કેળવાએલી ઇન્દ્રિઓ વસ્તુઓનું જ્ઞાન ગ્રાહ્ય કરવાને વધારે શક્તિવાન થાય છે.

ચિત્રનો શોખ વધારવો.

આ વિષય વધારે ધ્યાન આપવા યોગ્ય છે, કારણ કે

પુખ્ત ઉમરના માણસોમાં પણ આવા શોખની ન્યૂનતા હોય છે. બાળકને કુદરતી રીતેજ ચિત્રથી આનંદ ઉપજે છે. તેને જે વસ્તુઓનો પરિચય થઇ ચૂકયો હોય તેવી સાદી વસ્તુઓનાં ચિત્ર પ્રથમ દેખાડો.

શરૂઆતમાં કુદરતને મળતા રંગથી પૂરેલાં સાદાં ચિત્રો બતાવવાં, અને ત્યાર બાદ ધીરે ધીરે ગુંચવણવાળાં બતાવવાં એમ કરતાં કરતાં થોડા વખતમાં બાળક ફક્ત ધોળી કે કાળી છબી ઓળખતાં શિખશે.

જો બાળક ચિત્રમાં ઘણો આનંદ બતાવે અથવા જાતે કાઢવાને યત્ન કરે તો તેને થોડીએક ચિત્રકળા શીખવવી.

ગાયન.

ઘણીએક વાર બાળક ગાયન તરફ સ્વાભાવિક વલણ દેખાડે છે. જાનવરની બોલીનું સહેજ અનુકરણ કરે છે, અને કોઇના રડવાના કે હસવાના ચાળા પાડે છે. ગાયન અથવા વાજાં સાંભળી તેને આનંદ થાય છે, અને જાતે તેવા રાગ કાઢવા મથે છે.

આવાં લક્ષણ નજરે પડે તો જાણવું કે બાળકને ગાયન શિખવી શકાશે. તે જો શિખવ્યું હોય તો વખતે મોટપણે તેને અતિ આનંદદાયિક થઈ પડે છે.

કુદરતની શોભા.

પ્રસંગોપાત આ વિષય તરફ બાળકનું ધ્યાન ખેંચતા રહો

ચળકતા રંગનાં સુંદર પુષ્પો બાળકને દેખાડો અને કહો કે આ કેવાં સુંદર છે એટલે તે એવાં ફુલોમાંથી આનંદ લેતાં અને તેના વિષે ટિકા કરતાં શિખશે.

સવારમાં ફરવા જાઓ ત્યારે એવાં તાજાં ફુલો ભેગાં કરી ઘેર લાવો.

બાળકને સમજાવો કે આ પુષ્પો કેવી રીતે સ્વચ્છતાથી

અને નાજુકાઇથી તેમના ઉપર ઝાકળ સહિત ચુંટાય.

સમજાવો કે પુષ્પોને હાથમાં ચોળાય નહીં પણ પોચાં પોચાં ઝાલીને નાની દાબડીમાં મૂકાય.

પુષ્પને ડીંટા સહિત અને થોડાં એક પાંદડાં સહિત ચુંટયાં હોય તો તે વધારે સુંદર દેખાય છે. એવું બાળકને કહો એટલે તે એવી રીતે જાતે ચુંટવાની ઇચ્છા દેખાડશે. તેને એ પ્રમાણે ચુંટવા દો.

ઘેર આવ્યા પછી દરેક ફુલને લઇ કેળના પાના ઉપર કે તબકડીમાં મૂકો કે તે વધારે સારી રીતે નિરખી શકે અને આશ્ચર્ય પામે.

પછી ફુલને કોઇ પાણીવાળા વાસણમાં ન મૂકીએ તો કેવાં થઇ જાય તે સમજાવો.

પછી તેને કોઇ પ્યાલામાં અથવા વાસણમાં મૂકો, તેને જૂદા જૂદા આકારમાં ગોઠવો. અને સૌથી સારો લાગે તે પસંદ કરો.

આવી રીતે ફુલનો શોખ વધારી શકાય અને તેને પરમ આનંદનું પાત્ર બનાવી શકાય.

શોભિતાં અને રંગિત પુષ્પ કરતાં સુગંધીવાળાં પુષ્પને દેશીઓ વધારે કીમતી ગણે છે. બાળકને બંને જાતનાં પુષ્પનો ઉપયોગ જાણતાં શિખવવું જોઇએ.

તેને વાડી અને ખેતર જેવા ભાગોમાં લઇ જાઓ, તેની શોભા બતાવો, અને સૌંદર્યની ખૂબી સમજાવો.

આ સઘળું સહેલાઇથી અને આનંદથી બને છે. અને જીંદગી પર્યંત આનંદ આપે એવી જીજ્ઞાસાને વિસ્તારે છે, એ હું જાત અનુભવ ઉપરથી ખાતરી કરી કહું છું. આ વિષય ઉપર ખાસ ધ્યાન આપવું ઘટે છે. કારણ કે સાંપ્રત કાળમાં આ દેશના વિદ્વાન ગૃહસ્થોમાં પણ આવા શોખની મોટી ખોટ હોય છે. સઘળા વગર પૈસાના આનંદો સંખ્યા બંધ વધારવા જોઇએ.

બાળકોને શિક્ષા.

સર્વે શિક્ષાઓ કરતાં ફટકા મારવાની શિક્ષા અધમ અને ઘણી નુકશાન કારક છે. હાથની શિક્ષાઓ પણ એવીજ છે. આવી શિક્ષાઓથી ફરી મટવાની આશા ન રખાય એવાં ખરાબ થયેલાં ઘણાં બાળકોને મેં જોયાં છે.

સુધરેલો બાપ આવી જંગલી શિક્ષાઓને ઘણું ખરૂં નિરર્થક ગણશે. શિક્ષાની અસર તન કરતાં મન પર વધારે થવી જોઇએ. જેમ ઇનામનો હેતુ બાળકને આનંદ આપવાનો છે તેમ સજાનો હેતુ તેને દુઃખ આપવાનો છે. જેમ બાળકને સેહેલાઇથી આનંદ અપાય છે તેમ દુઃખ પણ આપી શકાય છે.

સજા ઘણું કરીને આ પ્રમાણે હોવી જોઇએ–ઇનામ આપવાની ના પાડવી, અથવા આપવાં નહીં, અથવા થોડા દિવસ પછી આપવાં, કોઇ વાર આપેલાં પાછાં લેવાં અને કોઇવાર દાખલા તરીકે દંડરૂપે પણ પાછાં લેવાં.

આ ઉપરથી જણાય છે કે વિચારવંત પિતા ઉપર દાખલા આપ્યા એવાજ શિક્ષાઓના પ્રકાર યોજી કાઢશે.

ધારો કે કોઇ છોકરૂં ખોટું ચાલ્યું તો બાપે આ પ્રમાણે કહેવું—

"તું આવી રીતે ખોટું ચાલ્યો માટે મેં તને પેલું (ઇનામનું નામ દેવું) ઇનામ આપવા ધાર્યું હતું તે નહીં આપું."

"તને સાર્વજનિક બાગમાં નહીં લઇ જાઉં."

"તને પ્રદર્શન જોવા નહીં લઇ જાઉં."

"તને પેલા મંદિરમાં ઓચ્છવ જોવા નહી તેડી જાઉં."

"ગાડીમાં બેસાડીને બીજાં છોકરાંને ફરવા લઇ જઇશ પણ તારે ઘેર રહેવું પડશે."

"મીઠાઇ વેંહેચવાનો છું, તે તને નહીં આપું."

"બીજાને રમકડાં આપીશ, પણ તને નહીં આપું."

"તને *મેજીકલેન્ટર્ન નહીં દેખાડું."

"મારી પાસે ચિત્ર પોથિયો છે. પણ તને એકેય આપીશ નહીં."

"તારી સાથે બોલીશ નહીં."

"તને પૈસા વાપરવા નહીં આપું."

"તારું ગજવા ખર્ચ કમી કરીશ.,,

"તારી પાંસેથી પેલી ચીજ પાછી લઈ લેઇશ."

આ દાખલા ઉપરથી શિક્ષા કેવી રીતે કરવી તે બુદ્ધિવંત બાપને જણાઇ આવશે.

બાળક કોઇ વસ્તુનો ખોટો ઉપયોગ કરે તો તે તેની પાંસેથી લઇ લેવી; જો તે દંડો પોતાનાં ભાઇ બેન ઉપર મારવા માટે ફેંકે તો તે લઇ લેવો; જો તે કોઇ માણસને છત્રીથી મારે તો તે લઇ લેવી.

જો બેદરકારીથીજ કોઇ વસ્તુ ભાગે અગર ખોઇ નાખે તો બાપે તુર્ત બીજી આણી આપવી નહીં, પણ તેની અસર તેના મનને થવા દેવી.

જો કોઇ બાળક બળાત્કારે બીજા બાળક પાસેથી કંઇ વસ્તુ ખુંચાવી લે તો તુર્તજ તે વસ્તુ તેના માલીકને પાછી અપાવવી.

જો તે બીજા છોકરાની કંઇ વસ્તુ ભાગે અથવા ખુવે તો તેને બદલે તેની પોતાનીજ તેવીજાતની વસ્તુ તેને અપાવો.

જો બાળક કંઇ નુકશાન કરે તો તેનીજ પાસે તે બનતા સુધી સુધરાવવું. જેમકે—જો તે ફાડેલા કાગળના કટકા ઓરડીમાં વેરે તો તેની પાસે બધા વીણી લેઈ બહાર કચરાની પેટીમાં નાંખવા મોકલવો. જો તે ભીંત ઉપર લીટી

* કાચપર ચિતરેલા નાના પદાર્થો જોઇએ તેટલા મોટા કરી ભીંત અથવા પડદાપર બતાવનાર યંત્ર.

કરે તો તેની પાસેજ લુછી નંખાવવો. જો તે બીજા છોકરા નું રમકડું ભાગે તો તેને બદલે તેના ગજવા ખર્ચમાંથી તેના જેવું બીજું રાખી અપાવવું.

સારાંશ કે, જેવા ધોરણે માણસોની સાથે વર્તવામાં આવે છે તેજ ધોરણ પ્રમાણે છોકરાઓ સાથે પણ વર્તો એટલે કે છોકરાઓને નાના પ્રમાણમાં એવો ન્યાય આપો કે તેવોજ ન્યાય તેમને મોટપણે અને સંસારવ્યવહારમાં પ્રવેશ સમયે મળે. એથી તે નાહાનપણથીજ સંસારની રીતોથી માહિતગાર થશે.

કોઇ ખોટી વર્તણુંક ચાલે તેને માટે પશ્ચાતાપ કરવાની અને દિલગીરી દેખાડવાની, તેમજ હવેથી એ પ્રમાણે નહીં કરૂ એવું વચન આપવાની ટેવ પાડો

ઠપકો, ધમકી, અપમાન, નાખુશી, શીખામણ, એ સર્વનો શિક્ષામાં સમાવેશ થઇ શકે, અને તેમનો પ્રસંગ પ્રમાણે ઉપયોગ કરવો. બાળકને ઠપકો દેતી વખતે કઠોર શબ્દ અથવા ઘણી અસભ્ય ભાષા વાપરવી નહીં.

સંશય પડે ત્યારે આપણા ઉપરીને આપણી સાથે વર્તવાની ઇચ્છા રાખીએ તે ધોરણે બાપે બાળક સાથે વર્તવું. મુર્ખ, ગધેડો, વિગેરે હલકા શબ્દ કહેવા નહી.

બાળકને અણધાર્યા અથવા અણચિંતા ગુનાહને માટે શિક્ષા કરો નહીં; જેમકે અખડાઇ પડવા માટે, અજાણતાં કોઇ વસ્તુ ભાગવા માટે, અજાણતાં ખુરશિ ઉંધી પાડવા માટે, ખડીયો ઢોળવા માટે, પેન્સિલ ભાગવા માટે, સ્લેટ ભાગવા માટે, છબી ભાગવા અથવા બિગાડવા માટે, વિગેરે. નિરપરાધી કાર્યને માટે બાળકને સજા કરવી નહીં. જેવું કે-રમતમાં બીજા છોકરા કેડે દોડવું, ગોંધાટ કરવો, મોહેટથી હસવું, પ્રાણીના અથવા પક્ષીના બોલવાના ચાળા પાડવા, વિ-

ગેરે. પરંતુ ના કહ્યું હોય તો એ પ્રમાણે કરવા ન દેવું.

પિતાનો હુકમ તોડવાને માટે બાળકને વાજબી શિક્ષા કરવી.

કાર્યને માટે કુદરતી રીતેજ બાળકને દુઃખ થયું હોય તેવી બાબતોમાં તમારી શિક્ષા ઉમેરતા નહીં. જેમકે—તે લપસી પડે અથવા ઉંચેથી પડી જાય અને તેથી તેને વાગે તો વાગવાનું દુઃખ કુદરતી પરિણામ છે અને પુરતી શિક્ષા છે અને તેને લીધે ભવિષ્યમાં વધારે સાવધ રહેશે. તેટલા માટે તેમાં વધારે શિક્ષાનો ઉમેરો કરવો એ નિરર્થક છે. એવી જાતની કુદરતી શિક્ષા આપણી કરેલી શિક્ષા કરતાં વધારે સારી અને અસરકારક છે.

ઇનામ અને શિક્ષા.

જેમ માણસની ઉપર સારી કાબુ રાખવા માટે ઇનામ અને શિક્ષાની જરૂર છે, તેમ બાળકને પણ જરૂર છે.

માણસની માફક બાળકને પણ ઇનામ આપી સારી ચાલને ઉત્તેજન આપવું. અને શિક્ષાથી ખોટી ચાલનો અટકાવ કરવો.

ઇનામ આપવાનું અને શિક્ષા કરવાનું ધોરણ મોટા અને બાળકને માટે લગભગ સરખુંજ છે. ફક્ત એટલોજ તફાવત છે કે માણસને જેટલાં ઇનામ અને શિક્ષા આપવામાં આવે છે તેના કરતાં બાળકને થોડાં અને નરમ આપવાં જોઇએ.

ઇનામ હદ કરતાં ભારે કે વારંવાર આપવાથી તેને મોહોટાં અને વારંવાર ઇનામને માટે આશા રાખવાની ટેવ પડે છે.

શિક્ષા પણ હદ ઉપરાંત ભારે અને વારંવાર ન જોઇએ, નહીતો બાળક નઠોર થશે.

સારી ચાલને માટે તેના ઘટતા પ્રમાણમાં ઈનામ જોઈએ, અને ખોટી ચાલને માટે તેના ઘટતા પ્રમાણમાં શિક્ષા જોઇએ.

સારી ચાલને માટે ઉત્તેજન આપવાનો, અને ખોટી ચાલને માટે નિરાશ કરવાનો આપણો ઉદ્દેશ પાર પડે એટલાંજ રાખવાં.

ટુંકામાં–દરેક બાબતની જરૂરીઆત કરતાં હદપાર જવું નહી, એટલે કે ઇનામ અને શિક્ષા કરકસરથી વાપરવાં, બીજી રીતે કહીએ તો–ઇનામ અને શિક્ષાનો ફોગટ ખર્ચ ન કરવો.

બાળકને ઇનામ આપવામાં બાપે રાજાના જેટલુંજ નિષ્પક્ષપાતી થવું જોઇએ. અને તેને શિક્ષા આપવામાં ન્યાયાધીશના જેટલુંજ દઢ અને ન્યાયી થવું જોઇએ.

આવા વહીવટથી ધીરે ધીરે બાળક મોટપણે પ્રવેશ કરવાના સંસાર વ્યવહારની રીતોથી ટેવાશે અને તેને માટે યોગ્ય થશે.

બાપે ઇનામ અથવા શિક્ષાનું પ્રમાણ છોકરાની વર્તણુંક ઉપરથી નક્કી કરવું, પણ પોતાને તે વહાલું અથવા અળખામણું હોય તે ઉપર ધોરણ ના રાખવું.

મા ભલામણ કરે તો પણ બાપે જોઇએ તેથી ભારે ઇનામ આપવું નહી અથવા શિક્ષા ઓછી અથવા માફ કરવી નહી.

જો બાળક પશ્ચાતાપ દેખાડતું હોય અથવા હવેથી એવો ગુનોહ નહી કરૂં એવી ખાત્રી આપતું હોય તો શિક્ષા થોડી કરવી અથવા તદન માફ કરવી.

શિક્ષા કરતી વખતે ભય આવી પડે એવી શિક્ષા

ન કરવાને સાવધ રહેવું.

ઘણાં ઇનામથી બાળક બગડી જાય છે. તેમજ ઘણી શિક્ષાથી તે નઠોર થાય છે. ઇનામ આપવાના દરેક પ્રસંગમાં કઇ સારી વર્તણુંકને માટે તે આપવામાં આવે છે એ જણાવવું તેમજ શિક્ષા કરવાના દરેક પ્રસંગમાં કંઇ ખરાબ વર્તણુકને માટે તેમ કરવામાં આવે છે તે જણાવવું. આમ કરવાથી સારી ચાલ કઇ અને ખોટી ચાલ કઈઅને તેનું શું પરિણામ થશે તે બાળક થોડા વખતમાં શિખશે.

એમ ન બનવું જોઇએ કે ઇનામ આપવાનું વગર વિચારે વચન આપવું અને પછી પાળવું નહી. અથવા શિક્ષા કરવાની ધમકી આપવી અને કરવી નહી. બાળકના મનમાં નક્કી ઠસવું જોઇએ કે કહેલું ઇનામ અથવા શિક્ષા જરૂર મળવાનાંજ.

ઇનામ અથવા શિક્ષા પોતાનાજ કલ્યાણાર્થે છે એમ જાણી બાળક સારી વર્તણુકે ચાલવામાં આનંદ માને અને ખોટી વર્તણુંક તજે એવી ટેવ પાડે.

માતાના કરતાં પિતા ઇનામ અને શિક્ષા સારી રીતે આપી શકે છે. કારણ કે માતા કરતા બાપનામાં વધારે બુદ્ધિ પરિક્ષા, અને દઢતા હોય છે.

ઇનામ.

બાળક જેમાં આનંદ માને તે ઇનામ તરીકે આપી શકાય.

જેમ જેમ બાળક સેહેલાઇથી આનંદ પામે તેમ તેમ ઇનામ વધારતા જવું. વિચારવંત બાપ ગમે તે જાતનાં ઇનામ યોજી કાઢશે. સુચના તરીકે થોડા એક દાખલા અત્રે આપીએ.

ફળની બક્ષિસ.	નાનાં પક્ષીનું પાંજરું.
મીઠાઈ.	પાંજરામાં ઘાલેલો પોપટ.
રમકડાં (દેશી કે વિલાયતી.)	નાનું ટેબલ, ખુરશી કે કબાટ.
રબરનો દડો.	વાજું
સૂક્ષ્મદર્શક કાચ	છત્રી.
ચપ્પુ, કાતર, કે સોય.	સોટી, સાટકો, કે લાકડી.
પીચકારી.	સ્લેટ, ખડીઓ, કે કલમ.
ભમરડો અને લોહચુંબક.	આંકણી.
બિલોરી કાચ.	ગજ અથવા ફૂટ.
લખોટીઓ.	જોખવાનો કાંટો.
કંદોરો અથવા કેડનો પટો.	વજન (કાગળ દાબવાનું)
ઘંટ.	નાહાની નોટબૂક, કે ચિત્રપોથી
*ફૂલ ઝાડ.	નાનું ફાનસ, કે દર્પણ.
નાની સાદડી.	પેહેરવાને માટે જોડીઓ.
સુંદર નવી ટોપી.	બ્રશ અથવા કાંસકી.
પ્રદર્શન જોવા જવું.	ઉરાડવાને માટે પતંગ.
મંદિરમાં મહોત્સવે જવું.	કુરકુરીયું, વાછરડું કે ઘેટું.
તમાશા જોવા.	ચંદનીમાં ખાણું.
હોડીમાં બેશી સેહેલ કરવી.	નાની વીંટી.
વાડીમાંથી ફૂલ ચૂંટવાં.	રેલગાડીમાં સેહેલ કરવી.
દરિયો,નદી,કે ડુંગરજોવાજવું.	સુંદર રૂમાલ આપવો.
દેવાલયમાં જવું.	બજારમાં જવું.
ટેટીઓ ફોડવા આપવી.	નાની વાજાની પેટી.

ઘેર બનાવેલા જૂદા જૂદા પદાર્થ.

દરિઆ કિનારેથી આણેલી જૂદી જૂદી શિપો.

* છોડના જેવી આકૃતિ કરી ગુલાબ અગર બીજી જાતનાં કાગળનાં ફૂલ ડાંખળીઓને છેડે ઘાલે છે તે.

મા, બાપ, ભાઇ, કે બેનની છબીઓ.

વાડી કરવાસારૂ જમીનનો નાનો ક્યારો. ફલાણું ફૂલ ઝાડ તારૂં છે એમ કહી તેને ઉછેરવા માટે તેને જાતે મહેનત કરવા દેવી, અને ચયેલાં ફળ ફૂલ ચૂંટવા દેવાં.

થોડાંએક બાગ બનાવવાનાં હથિયાર.

બીજાં છોકરાં સાથે રમવા જવાની રજા.

જોડે ફરવા અગર દર્શન કરવા લઇ જવું.

સાર્વજનિક બાગમાં જવું, અથવા ત્યાંનાં જાનવર જોવાં

પોતાના બાઇબંધોને અથવા સોબતીઓને જમવા સારૂ નોતરવાની રજા આપવી.

કોઇવાર નદીએ અથવા તળાવે નહાવા જવું.

નાના ઘોડા ઉપર સ્વારી કરવી.

ચીજો મૂકવા સારૂ તાળું કુંચી સહિત પેટી.

કાચના રંગીત મણકા અને જૂઠાં મોતી

બેસવાની ઠેલાગાડી (ધકેલવાની)

નવો પીવાનો પ્યાલો અને એવી બીજી ચીજો.

ઘર અથવા કિલ્લા ગોઠવવા સારૂ ગંજીફો.

ઢીંગલીનાં લૂગડાં સારૂં જૂદા જૂદા રંગના કપડાંના કકડા.

ઢીંગલીનાં ઘરેણાંને સારૂ મીણુ અને છાપાં કરવાની કલાઇવિગેરે ઓછી કીંમતની ચીજો.

બાળકને રમુજ પડે એવી જૂદી જૂદી જાતના આકાર બનાવવા સારૂ પલાળી તૈયાર કરેલી માટી.

"શાબાશ" અથવા એવા બીજા પસંદગીદર્શક શબ્દો.

નિશાળમાં પહેલો નંબર પુરાવે તેને માટે ઇનામ.

ઇનામ તરીકે પ્યારથી ચુંબી લેવી.

***ગજવા ખર્ચથી થતા ફાયદા.**

---

* પ્રસંગોપાત જાત ખર્ચને માટે અપાતા પૈસા.

દરેક માસની આખરે આવી જાતની કંઇ નાની રકમ બાળકને આપવી જોઇએ. તેને હક તરીકે નહીં પણ તે માસમાં સારી વર્તણુકને માટે ગણવી.

ગજવા ખર્ચના પૈસા મોટપણે મળતા પગારના ગુણ યુક્ત હોવા જોઇએ.

જેવી રીતે ધણી નોકરને નિયમિત અને વાયદેસર પગાર આપેછે તેવીજ રીતે તે પણ આપવો. એથી જ્યારે બાળક મોટપણે કોઇનો નોકર બને ત્યારે પોતાને શું કરવાનુંછે તે શિખશે

માસ વિત્યા પેહેલાં તેણે પૈસા મળવાની આશા રાખવી નહીં.

તેને નિમણોક ક્યારે લેણી થશે તે શોધી કાઢતાં આવડશે.

તેને મહિનાના અંત સુધી પૈસા ચલાવતાં આવડશે.

તે જૂદી જૂદી જાતનાં ત્રાંબા અને રૂપા નાણાં ઓળખતાં શિખશે:—જેવાં કે—પા આનો, અર્ધો આનો, બે આની, પાવલી, અરધો, અને રૂપીઓ.

તે નાણાંની ચઢતી ઉતરતી કીંમતથી માહિત થશે.

એ નાણાંમાં જરૂર પડતા હિસાબ શીખશે.

સઘળી ચીજો બાપ ખદીદે તેના કરતાં બાળકને પોતાની વસ્તુ જાતે ખરીદવા દેવી. એથી તેને જૂદા જૂદા શિક્કાથી કેટલું કેટલું ખરીદી શકાય છે તે સમજ પડશે; અને ધીરે ધીરે મિલ્કત એ શું છે તે સમજાતું જશે.

પૈસાની કાળજી રાખતાં તેમજ તેને કરકસરથી ખર્ચતાં શીખશે.

ધીરે ધીરે બચાવતાં અને સંગ્રહ કરતાં આવડશે.

પૈસાદાર થવું તે શું, અને ગરિબ રહેવું તે શું એ તેના મનમાં ઉતરશે.

આવું સઘળું જ્ઞાન મોહોટપણે ઘણું ઉપયોગી થઈ પડે

છે નહાનપણમાં આવી કેળવણી નથી મળતી તેથી ઘણા માણસો મૂર્ખ, ઉડાઉ, ગરિબ, અને દુઃખી થયા છે. સારાંશ કે બાળકને પૈસાનો ખરો ઉપયોગ શીખવવો એ સઘળી બાબતોમાં અત્યંત અગત્યનું છે.

વળી જે બાપ ગજવા ખર્ચ આપે છે તેને તેનો બાળક હિતેચ્છું તરીકે ગણેછે. બાળક ઉપર તેની સત્તા સબળ થતી જાયછે, અને તેની શીખામણ વધારે વજનદાર થઇ પડે છે.

જો બાળક ભાઇ, બેહેન, અથવા ભાઇબંધ પાસેથી કંઇ નાની રકમ ઉછીની લે તો લેણદાર તે રકમ માગે અથવા આપવાની ફરજ પાડે ત્યાર પેહેલાં વખતસર આપી દેવાને તેને શીખવવું.

બાળક કેટલીએક વાર પોતાના પૈસા સાચવી નથી શકતું ત્યારે તે પોતાના બાપને રાખી મૂકવા આપે છે. આથી બાળક થાપણ મૂકનાર અને બાપ નાણાવટી થાય છે.

જ્યારે જ્યારે પૈસા આપવામાં આવે ત્યારે બાપ લે, અને માગવામાં આવે ત્યારે આપે. અને જમે ઉધાર અને શિલિક જણાવવાને નાની નોંધ રાખે. અને બાળકને તે સમજાવતો જાય; તો આથી નાણાંની ધીરધાર કેવી હોય છે અને તેનો મોહોટપણે કેવો ઉપયોગ કરી શકાય તે બાળકના જાણવામાં આવે છે.

જો બાળક પોતાની ચીજો જાતેજ ખરીદતો જાય તો સંખ્યા, વજન, અને માપ વિષે માહિત થતો જાય છે.

જૂદા જૂદા વહેપારીઓ કીંમત માગે તે સરખાવતાં સોંઘામાં સોંઘા ભાવથી ખરીદ કરતાં, અને વસ્તુઓના ગુણ પારખતાં બાપે ધીરે ધીરે બાળકને શીખવવું.

એકાદ વખત ઘરમાં જોઇતી કોઇ ચીજ ખરીદવા માટે બાપે બાળકની સાથે જવું.

સદ્ગુણ.

આમાંથી જે ગુણો સંસારમાં નિર્વિઘ્ન અને ફતેહમંદ વધારો કરી શકે તે ગુણોને ઉત્તેજન આપો અને જે એથી ઉલટા વલણના છે તેને નબળા પાડો.

પેહેલી જાતના દાખલા.	બીજી ઉલટી જાતના દાખલા.
નમ્રતા.	અભિમાન, ગર્વ.
સભ્યતા.	ઉદ્ધતાઇ, બેઅદબિ.
સંતોષ.	લોભ.
ઉદ્યોગ.	આળસ.
ન્યાય.	પક્ષપાત.
ઉપરીની સત્તા તરફ સન્માન.	ઉપરીનું અપમાન.
કરકસર.	ઉડાઉપણું.
ઉપકાર.	અપકાર.
સદ્ભાવ, સત્યતા, અને પ્રમાણિકપણું.	દ્વેષ; જૂઠ, અને અપ્રમાણિકપણું.

ધર્મ.

નીચેની અગત્યની કહેવતો બાળકના મનમાં બરોબર ઉતારો.

ઇશ્વર સઘળી દુનિયાનો સ્રષ્ટા અને પોષણ કર્તા છે.

તે મોહોટો અને સારો છે.

તે સર્વ માણસોના સુખને માટે ઇચ્છા રાખે છે.

માટે કોઇને સુખ આપવું એ પુણ્ય છે.

દુઃખ આપવું એ પાપ છે.

આપણે બીજાઓને આપણી પ્રત્યે જેવું વર્તાવવાને ઇચ્છીએ તેવું આપણે તેમની સાથે વર્તવું.

સ્વવ્યવસ્થા.

બાળકને સ્વવ્યવસ્થા ચલાવવા સારૂ કેળવવું એ અગ-

ત્યનું છે. તે એકલું પડે ત્યારે પોતાની મેળે એટલે બાપની અથવા માની ગેરહાજરીમાં સારી રીતે વર્તે એવું શીખવવું જોઇએ. જો તે પોતાની મેળે સારૂં ચાલે તો કંઇ હરકત નહીં. જો તે ખોટું ચાલે તો બીજે ઠેકાણે સુચના આપી છે, તે પ્રમાણે ઘટતુ લક્ષ આપો.

જ્યારે ઘણાં છોકરાં ભેગાં રમવા અથવા ગમત કરવા લાગે ત્યારે તેમના ઉપર સરત રાખવા એક માનિટર નીમવો, અને તેનો હુકમ તેમણે માનવો.

જ્યારે છોકરાં કજીઓ કરે ત્યારે વારંવાર બાપ પાસે આવવાને બદલે અંદર અંદર પોતાની મેળે કજીઓ પતાવે એવું શીખવો.

તેમનો મતભેદ તેમની મેળે પતાવતાં પણ શીખવો.

છોકરો ઘણા જણનો અભિપ્રાય ધિક્કારી કાઢતાં ડરે એવું શીખવો.

ન્યાય.

જેવી રીતે વહાણને સુકાન છે તેવીજ રીતે માણસને ન્યાય બુદ્ધિ છે. શરીરને જેમ નેત્ર છે તેમ તે મનનું નેત્ર છે.

આ ગુણ બાળકમાં કાળજીથી ખિલવવો જોઇએ એથી તે મોહોટપણે સ્વતંત્ર થઈ શકે છે. કારણ કે સર્વ શિક્ષણ અથવા કેળવણી કરતાં આ વસ્તુ વધારે અગત્યની છે.

રસાયન શાસ્ત્રની સત્યતા.

દરેક પ્રસંગે બાળકને કહો કે રસાયણ શાસ્ત્રના નિર્ણય સિદ્ધ અને સ્વીકારવા યોગ્ય છે, અને તે સર્વ સ્થળે અને સર્વ સમયે સત્ય રહેવાના, જો બાળક ઉપરનું બરોબર ન સમજે અને પૂછે કે રસાયણ શાસ્ત્ર એ શું છે? તો કહો કે એ ઉપયોગી વસ્તુઓનું શાસ્ત્ર છે, અને તે તારા શીખવામાં ધીરે ધીરે આવશે.

આમ કરવાથી આ નવા શાસ્ત્રની બાળકને ટેવ પડશે. પ્રસંગોપાત એ શાસ્ત્રને લાગુ પાડતા જાઓ, અને તેને આધારે સમજાવો કે "ભુત નથી."

"રાહુ અને ગ્રહનો અમલ ખોટો છે."

"શુકન ખોટા છે."

"જાદુ ખોટું છે." વિગેરે.

અતિશયોક્તિ, ખોટાં ગપ્પાં વિગેરે.

જ્યારે બાપ બાળકમાં આવું વલણ દેખે ત્યારે વખતો વખત સુધારવાને તેણે બનતો પ્રયાસ કરવો.

જુવાનીના ગુનાહ.

ખરેખર, જો બાપ બાળકને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમો શિખવવાને યત્ન કરે તો તેમાં તેની મૂર્ખાઇ છે, પરંતુ તેણે આ કલમો અથવા તેમાંની મુખ્ય કલમો પોતાના ધ્યાનમાં રાખવી; અને બાળક નાહાનપણમાં એવું કંઇ કરે કે તે મોહોટા માણસના સંબંધે ગુનોહ ગણાય તો તેની તેણે બરોબર ખબર લેવી, અને તેને તેવો ગુનોહ કરતાં અટકાવ કરવો.

આ રસ્તો પકડવાથી બાળકનું ખોટાં કામ કરવા સંબંધી જ્ઞાન સંસ્કાર પામશે. અને તેનું પરિણામ એ થશે કે, જ્યારે તે મોહોટું થશે ત્યારે, જે ગુનાહને માટે કાયદા પ્રમાણે દંડની, કેદની, અથવા ફટકાની શિક્ષા થઇ શકે છે, તેવા ગુનાહ કરશે નહીં.

નીચે લખેલા ગુનાહના દાખલા એવા છે કે તેને માટે તુર્ત અટકાવ કરવો જોઇએ.

ચોરી, ચોરીનો માલ લેવો દેવો, ઠગાઇ, નુકસાન, હુમલો, વ્યથા, ગાળ, જુઠું તહોમત, જુઠો પુરાવો, ખોટી ખબર, બીજા છોકરાએ ભરોંસામાં સોંપેલી કોઇ વસ્તુનો ખો-

ટો ઉપયોગ કરવો, અને ગુનેહગારને આશ્રય આપવો.

માણુસોને દુનિયામાં મોહોટા ગુનાહને માટે કેવી શિક્ષા થાય છે એ બાપ બાળકને પ્રસંગોપાત બતાવતો રહે તો તે નિરર્થક જશે નહીં.

રાજસત્તા પ્રત્યે માન.

પ્રસંગોપાત બાળકને કહો કે જેવી રીતે બાપ પોતાના બાળકની સંભાળ લે છે તેમ સારી સરકાર સર્વ લોકની સંભાળ લે છે. માટે જેમ બાળકે બાપની આજ્ઞા પાળવી જોઇએ તેમ લોકોએ સરકારની પાળવી જોઇએ.

નિશાળે જવું.

બાપે બાળકને નિશાળે મોકલવામાં હદ ઉપરાંત ઉતાવળ કરવી નહી. તેને આઠ વર્ષનો થતા સુધી રહા જોવી. એટલી ઉમરમાં તો જો બરોબર વ્યવસ્થા હશે તો શાળા વગર ઘરના શિક્ષણથી ઘણું શિખશે.

ઘણીવાર બાળક નિશાળે જવાની ના પાડે છે. જ્યારે તેમને નિશાળે જવાનું કહે છે ત્યારે ઘણુ ખોટું લાગે છે. તેઓ રડે છે અને પરાણે તેમને નિશાળે મોકલવામાં આવે છે.

આમ બને ત્યારે એવું અનુમાન થાય કે તેને શિખવનાર મેહેતાજી છોકરાંને આનંદથી શી રીતે શીખવવું તે જાણુતો નથી. એમ હોય તો બાપે કોઇ સારા મેહેતાજીના હાથ નિચે ચાલતી નિશાળે તેને મોકલવો.

બાળકને પેહેલો સ્વદેશની ભાષા શિખવતી નિશાળમાં ભણાવવો જોઇએ ત્યાં અભ્યાસ પૂરો થયા પછી તેને ઇંગ્રેજી નિશાળમાં મોકલવો. ઇંગ્રેજી શિખવા માંડ્યા પેહેલાં તેને દેશી ભાષામાં વાંચન, લેખન, અને ગણિત આવડવાં જોઇએ.

બાળકને શિખવાની ભાષાઓ.

સૌથી પેહેલાં બાળકે પોતાનાં માબાપની ભાષા શખ-

વી કારણકે તે સૌથી સેહેલી અને ઘણી ઉપયોગની છે. એ-કજ વખતે એક કરતાં વધારે ભ ષાઓ શિખવાડી તેને ગુંચ વણમાં નાંખો નહી. પોતાના દેશની ભાષા શિખી રહે ત્યાર પ છી આજુબાજુના લોકોની ભાષા શિખે. પેહેલાં ઘર આગળ જેટલી વસ્તુઓ દેખે તેનાં નામ તેને શિખવા દેવાં, પછી પો ળમાં જે વસ્તુઓ તેના દીઠામાં આવે તેનાં નામ શિખવા દેવાં, પછી સાધારણ રીતે જેટલાં પ્રાણીઓ તેના દીઠામાં આવે તે-નાં નામ શિખવા દેવાં મતલબ કે પેહેલું થોડા જથામાં શિ ખે અને પછી ધીરે ધીરે વધે. પેહેલું સાદી વસ્તુઓથી શરૂ ક-રે. પછી ધીરે ધીરે ગુંચવણ વાળી વસ્તુઓ લેતો જાય જેમકે પેહેલું તેણે ઘોડાની માહિતી મેળવવી, અને થોડી મુદત પ-છી તેના સામાન અને જીન વિષે શિખવું.

કેટલાએક લોભી બાળકને વસ્તુઓનાં ઇંગ્રેજી નામ શિ-ખવે છે એ ખોટું છે. કારણ કે ઉપર જે બાળકનું ધ્યાન એ-કી વખતે એક કે એજ ભાષાઓમાં રોકવું. એવો જે નિયમ કહ્યો તેથી આ ઉલટું છે. તોપણ બાળકને સંસ્કૃત શબ્દો ઘ-ણી નાની વયે શિખવવામાં લાભ છે.

એક બાળક પરભાષામાં ઘોડાનું નામ દઈ શકે એટલા કારણથી એમ નથી બનતું કે બીજુ બાળક તેને માટે સ્વભાષા માં શબ્દ કહે તેના કરતાં પ્રથમનાને વધારે આવડે છે.

મોંઢે કરવું.

બાળકને મોંઢે કરાવવાનો વધારે આગ્રહ કરવો નહી કા-રણકે એ ફક્ત મનના સંબંધ વગરની અને તનથીજ ચા લતી રીતિ છે, અને તેનાથી બુદ્ધ અથવા જ્ઞાનનો વધારો થતો નથી. ગામઠી નિશાળોમાં મોંઢે કરવાનું ઘણું હોય છે. નિરૂપયોગી હદ ઉપરાંત બોજા રૂપ ન હોય તો એ રીતિ ધિક્કારવા લાયક નથી. જીંદગીમાં હાજર જવાબને માટે જેજે

અગત્યનું છે તેને બાળકે ગોખી મોંઢે કરવું લાભકારક છે તેટલા માટે ગોખી મોંઢે કરાવવાની દેશી રીતિને હું અંતઃકરણથી પસંદ કરૂં છું, કારણકે એથી બાળક ગણિતના હિસાબ ઝડપથી અને ખરા ગણી કાઢવાને શકિતમાન થાય છે. અમને માલુમ પડયું છે કે ઇંગ્રેજી રીવાજથી કેળવાએલા કરતાં ગામઠી રીવાજથી કેળવાએલા છોકરાઓ વધારે સારી રીતે ગણી શકે છે.

તેમજ જે બાબતો વ્યવહારમાં વારંવાર કામ આવતી હોય તે મોંઢે કરાવવાથી લાભ છે. જેમકે—

દેશમાં વપરાતા તોલ, માપ, ને નાણાંની ધાતો.

સાત વારનાં નામ.

બાર માસનાં નામ.

સાલનાં નામ.

રાશિઓનાં નામ.

નિશાળે મુકયા પછી બાપે યાદ રાખવાની બાબતો.

પેહેલી—તેણે પોતાના બાળકની તંદુરસ્તી અને દીર્ઘાયુષ્યને માટે અતિશય કાળજી રાખવી, એટલે તે સુખી અને તંદુરસ્ત રહે તેમ કરવું.

બીજી—તેમના ભરણપોષણને માટે જોઇતી ચીજો પુરી પાડવી, ખાવા પીવા આપી ભૂખે મરવા ન દેવાં.

પેહેલી બાબતના [illegible] બાપ ઘણીવાર નીચેના જેવી ભૂલો કરે છે.—

બાળકના શરીરનો [illegible] હોય તેવાં વર્ષો[illegible] નિયમિત અને પૌષ્ટિક ખોરાક [illegible]ની

કાચી ઉમરમાં ઓસંગ થ[illegible] અથવા પરીક્ષાઓમાં જલદીથી પસાર થવાની જરૂર [illegible] મગજ ઉપર

હદ ઉપરાંત બોજો નાખે છે.

તેજ પ્રમાણે બીજી બાબતના સંબંધે નીચેના જેવી ભૂલો કરે છે. વગર વિચારે પોતાની મિલકત ઉડાવી દે છે અથવા દેવું કરે છે, અને બાળકને માટે કંઇ રહેવા દેતો નથી. પોતાનું ગુજરાન મેળવી શકે એવો કોઇ ધંધો બાળકને શિખવતો નથી.

પોતાના બાળકને ધંધા વગરનો રહેવા દેવો તેના કરતાં પોતાનો ધંધો જે બાળક સેહેલાઇથી શિખી શકે છે તે શિખવ્યો હોય તો વધારે સારૂં. ઘણીએક વાર બાપ પોતાના બાળકને બોજારૂપ કેળવણી આપે છે. તેથી તે પોતાનો ધંધો કરવાને નાલાયક બને છે, અને બીજાને માટે પણ અશક્ત થાય છે.

તે અમુક ધંધાની કેળવણી ન આપતાં સામાન્ય કે
વણી બહુજ લાંબી મુદત સુધી આપે છે, એથી જોકે
કને જુદી જુદી ઘણી ચીજોનું જ્ઞાન થાય છે; તોપણ
એવું સંપુર્ણ જ્ઞાન થતું નથી કે તે વડે પોતાનં
રી શકે. તે બાળકને એવી જાતની કેળવણી
જેમાં ફતેહ મેળવવી અસંભવીત હોય છે.
ટે તેને કુદરતી વલણ હોતું નથી, અથવા
રેલી તેના કરતાં ઘણા ખર્ચવાળી મ
દમ બંધ કરી દેવી પડે છે. કોઇવાર

હાલ આપણા દેશમાં વિદ્વાન પણ ઉપજીવિકા મેળવા માટે નાલાયક માણસો કરતાં ઉપજીવિકા પેદા કરી ... તેવા માણસોની વધારે જરૂર છે, ખાનાર કરતાં પેદા કરનારની વધારે જરૂર છે. તેમજ વિચાર કરનાર કરતાં કામ કરનારની વધારે જરૂર છે.

લગ્ન

પુત્રને સોળ વર્ષની ઉમરનો થતા સુધી અને પુત્રીને નવ દસ વર્ષની થતા સુધી જરૂર પરણાવતા નહી. બાળક અને માબાપ બંનેને બાળલગ્ન એટલું બધું નુકસાન કારક છે કે આવા લગ્નને ગુનો અથવા પાપ ગણતાં હું અચકાતો નથી. જે માબાપ પોતાની છોડીને પૈસા માટે ઘરડા માણસ સાથે પરણાવે છે તે ઇશ્વરનો ગુનેહગાર થવા સાથે માણસની ઘણીજ નિંદાને પાત્ર થાય છે. લગ્ન સંબંધ કરતી ખતે જ્યોતિષ સંબંધિ મળતાપણું જોવા કરતાં બુદ્ધિ સં... વધારે ધ્યાન આપો. જો તમારી પાસે બચેલા પૈસા ... લગ્ન ખર્ચમાં ઉડાવી દો તેના કરતાં સંગ્રહ કરી ઉપયોગને અર્થે બાળકને આપવાએ વધારે સારૂં છે.

છેવટ સુચના.

...ખાણમાં ગ્રંથ પ્રતિષ્ટા અથવા ન્યાયશાસ્ત્રા... ન આપ્યું નથી. છુટા વિચારોનો સંગ્રહ ... અને તે અસરકારક થવા તરફજ લ... ...ધી